RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

BHAVNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૨   શુક્રવાર તા.૩૧-૦૭-૨૦૨૬   અંક : ૨૨૮ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# રાજ્યમાં 'રેડ એલર્ટ' સાથે વરસાદના નવા રાઉન્ડનો પ્રારંભ

### માત્ર ૬ કલાકમાં ઉમરપાડામાં ૮ ઈંચ, વસોમાં ૬.૩૮ ઈંચ, બોરસદમાં ૬.૨૬ ઈંચ, નડિયાદમાં ૫.૯૪ ઈંચ, ખંભાત ૫.૭૯, સાગબારા ૫.૬૭, ગરુડેશ્વર ૫.૬૭, આણંદમાં ૫.૫૯, પેટલાદમાં ૫.૫૯ ઈંચ વરસાદ પડ્યો










હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, આજે દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર સૌથી વધુ રહેશે. જેમાં વડોદરા, આણંદ, નડિયાદ, પંચમહાલ, કપડવંજ, દાહોદ, છોટા ઉદેપુર, મહીસાગર અને ભરૂચના કેટલાક ગામોમાં ૪થી ૨૦ ઈંચ સુધીનો વરસાદ પડી શકે છે. આ ઉપરાંત મધ્ય અને ઉત્તર ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, કડી, કલોલ, પાટણ, સાણંદ, માણસા, સાબરકાંઠા અને અરવલ્લીમાં પણ વિરામ બાદ સારો વરસાદ નોંધાશે. પશ્ચિમ સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદી ઝાપટાની શક્યતા છે. ૬થી ૮ ઓગસ્ટ દરમિયાન બંગાળની ખાડીમાં વધુ એક સિસ્ટમ બનશે. જો તેનો માર્ગ ગુજરાત તરફ રહેશે તો રાજ્યમાં ફરી પૂર આવી શકે છે. આ ઉપરાંત ૧૪ ઓગસ્ટ સુધીમાં નવસારી સહિત દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદથી તાપી નદીનું જળસ્તર વધશે.

## પૂરના પાણીમાં ફસાયેલા યુવકનું રેસ્ક્યૂ

નર્મદાના તિલકવાડામાં SDRFની ટીમે પૂરના પાણીમાં ફસાયેલા યુવકનું રેસ્ક્યૂ કર્યું છે, તો રાજપીપળા-સિસોદરા માર્ગ ધોવાઈ જતાં બંધ કરાયો છે. રાજયભરમાં જીઈઝ દ્વારા ૨૪×૭ સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

## નવસારીના ગણદેવામાં વીજકરંટથી ૩ મજૂરોના મોત

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ગણદેવા ગામ નજીક પસાર થઈ રહેલો એક ટેમ્પો અકસ્માતે વીજળીના વાયર સાથે અડી જતાં ટેમ્પોમાં સવાર મજૂરોને વીજકરંટ લાગતાં ૩ના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ૨ મજૂરોને સારવાર અર્થે ખારેલ હોસ્પિટલ ખસેડાયા છે, જ્યારે વધુ એક ગંભીર દર્દીને સુરત રિફર કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ ગણદેવી પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. આ દુઃખદ ઘટનાને પગલે કેન્દ્રીય મંત્રી નરેશ પટેલ સહિતના સ્થાનિક આગેવાનો પણ સ્થિતિની સમીક્ષા માટે ગણદેવા જવા રવાના થયા હતા.

અમદાવાદ,

સવારે ૬થી ૮ વાગ્યા સુધીમાં જ રાજ્યના ૮૨ તાલુકામાં વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જેમાં ખાસ કરીને નર્મદાના સાગબારા અને ગરુડેશ્વરમાં માત્ર બે કલાકમાં સૌથી વધુ ૪.૬૫ ઈંચ વરસાદ ખાબક્યો છે.

સુરત અને વડોદરામાં ગરનાળામાં પાણી ભરાતા વાહનો બંધ પડ્યા હતાં. છોટા ઉદેપુર, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં પણ મધ્યમ વરસાદ નોંધાયો છે.

આજે ધોધમાર વરસાદની આ આગાહીને પગલે તંત્ર સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગયું છે. બાળકોની સુરક્ષાને ધ્યાને રાખીને અમદાવાદ, વડોદરા અને સુરત સહિત ૯ જિલ્લાઓમાં શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે રાહત કમિશનર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને યોજાયેલી 'વેધર વૉચ ગ્રુપ'ની બેઠકમાં તમામ વિભાગોને સાધનો અને ટીમો સાથે એલર્ટ રહેવા સૂચના અપાઈ છે.

રાજ્યમાં ૨ ઓગસ્ટ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આજે અમદાવાદ અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લા સહિત ૧૩ જિલ્લામાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' જારી કરાયું છે. તો રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર સહિત ૭ જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ' છે. જ્યારે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં 'યલો એલર્ટ' સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## દુકાનોમાં પાણી ઘુસ્યા,વેપારીઓ પરેશાન

નવસારી શહેરમાં પડેલા ધોધમાર વરસાદે પાલિકાની કામગીરીના દાવાઓની પોલ ખોલી નાખી છે. શહેરના કુંભારવાડથી બસ ડેપો તરફ જતા મુખ્ય ધમધમતા માર્ગ પર પાણી ભરાઈ જતાં રસ્તો સંપૂર્ણપણે જળમગ્ન થઈ ગયો હતો.રસ્તા પર ભરાયેલા વરસાદી પાણી કેટલીક દુકાનોમાં ઘૂસી જતાં વેપારીઓને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

## ગુજરાતમાં ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ

રાજ્યભરમાં વહેલી સવારથી મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. વસોમાં ૨ કલાકમાં ૫ ઈંચ, બાલાસિનોરમાં ૨ કલાકમાં પોણા ૩ ઈંચ અને નડિયાદમાં ૧ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં માર્ગો પર નદીઓ જેવા પ્રવાહ વહેતા થયા છે. વડોદરા, ભરૂચ, ખેડા અને છોટાઉદેપુરની હેરણ નદીમાં ઘોડાપૂર આવ્યા છે, જેના લીધે રાજવાસણાનો રબર ડેમ ગરકાવ થયો છે. સુરતમાં ખાડીઓનું જળસ્તર ભયજનક સપાટીએ પહોંચતાં પૂરનું સંકટ ઘેરાયું છે. કતારગામ, સૂર્યપુર ગરનાળા અને પોદાર આર્કેડ રોડ પર ગોઠણડૂબ પાણી ભરાતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. કતારગામમાં ખુલ્લી ગટર અને SMC કર્મચારીઓની બેદરકારી સામે આવતાં લોકોમાં રોષ ફેલાયો છે.

## સુરતમાં એનડીઆરએફ અને એસડીઆરએફ ટીમો તૈનાત



સુરત શહેર અને જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા 'રેડ એલર્ટ'ની આગાહીને પગલે જિલ્લા તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું છે. સાવચેતીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારોમાં NDRF અને SDRFની ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. કલેક્ટર તેજસ પરમારના જણાવ્યા અનુસાર, અસરગ્રસ્ત અને નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરાઈ છે. બપોર પછી વરસાદની તીવ્રતા વધવાની શક્યતા હોવાથી નાગરિકોને કામ વગર ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

## પાંડેસરામાં ગોઠણડૂબ પાણી, વાહનો બંધ

સુરત શહેરમાં અતિ ભારે વરસાદની આગાહી વચ્ચે શહેરના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, જેના કારણે નીચાણવાળા ભાગોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને પાંડેસરા સ્થિત પંચમુખી મંદિર પાસે રસ્તાઓ પર ગોઠણડૂબ પાણી ભરાઈ જતાં ત્યાંથી પસાર થતાં અનેક વાહનો પાણીમાં બંધ પડી ગયા હતા. રસ્તા પર પાણીના ભરાવા અને બંધ પડેલા વાહનોના કારણે વાહનવ્યવહાર ગંભીર રીતે પ્રભાવિત થયો છે તથા વાહનચાલકો કલાકો સુધી અટવાઈ પડતાં ભારે ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ છે.

## રસોઈ પર વરસાદનો ભાર શાકભાજીના ભાવ વધ્યા

સમગ્ર રાજ્યભરમાં મેઘરાજાની જોરદાર બેટિંગના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે, જેની સીધી અસર હવે લોકોની રસોઈ પર જોવા મળી રહી છે. ખાસ કરીને કંકોડા, કોથમીર, મરચાં, ગવાર, ચોળી અને પરવળ જેવા રોજના શાકભાજીમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો થયો છે. માર્કેટમાં આવક ઘટવાની સામે માંગ યથાવત્ રહેતાં ભાવ ઊંચકાયા છે. સામાન્ય દિવસોમાં જે શાકભાજી ૬૦થી ૯૦ રૂપિયે કિલો વેચાતું હતું, તેના ભાવ હાલ વધીને રૂ. ૧૦૦થી ૧૧૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે.

## પાવાગઢ યાત્રા મોકૂફ, વડોદરામાં પાણી ભરાયાં

પંચમહાલમાં અતિભારે વરસાદની શક્યતાને પગલે પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોની સુરક્ષા અર્થે આગામી બે દિવસ સુધી પાવાગઢ યાત્રા મોકૂફ રાખવા અપીલ કરાઈ છે. બીજી તરફ, મહીસાગર, છોટાઉદેપુર અને સાબરકાંઠા જિલ્લાઓમાં મોડીરાતથી વરસાદ નોંધાયો છે, વડોદરામાં વરસાદ થમ્યા બાદ પણ અલકાપુરી ગરનાળા જેવા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે વાહનો બંધ પડી જતાં વાહનચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

# પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં કોલસાની ખાણમાં વિસ્ફોટ, ૩૨ શ્રમિકોના મોત



બલુચિસ્તાન,

બલૂચિસ્તાનના ખાણ અને ખનીજ વિકાસ મંત્રી શોએબ નોશેરવાણીએ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર વિસ્ફોટમાં જીવ ગુમાવનારા દરેક મજૂરના પરિવારને ૫ લાખ પાકિસ્તાની રૂપિયા (લગભગ ૧,૮૦૦ USD) નું વળતર આપશે. આ ઉપરાંત અધિકારીઓ ઘટનાના કારણોની સંપૂર્ણ તપાસ કરશે અને ખાણ સુરક્ષાના નિયમોની સમીક્ષા કરશે.

ચીફ ઈન્સ્પેક્ટર ઓફ માઈન્સ મોહમ્મદ આતિફે જણાવ્યું કે બચાવ કામગીરી જમીનથી લગભગ ૪,૦૦૦ ફૂટ (૧,૨૧૯ મીટર) ની ઊંડાઈએ ચલાવવામાં આવી રહી છે. જમીનમાં વધુ ઊંડાઈ અને ઝેરી ગેસના ખતરાને કારણે રેસ્ક્યૂ ટીમોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.સુરક્ષા નિયમોના પાલન પર સવાલો પાકિસ્તાન સેન્ટ્રલ માઈન્સ લેબર ફેડરેશન અને મજૂર યુનિયને આ ઘટના સામે આકરો વિરોધ નોંધાવ્યો છે. તેમણે સરકાર પાસે સુરક્ષા નિયમોનું સખત પાલન કરાવવાની અને ખાણ સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરનારી કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# ભિવંડીમાં ઈમારતનો ભાગ ધરાશાયી : ૬ના મોત

### વહેલી સવારે બનેલો બનાવ, કાટમાળમાંથી મહિલાને જીવતી બહાર કાઢવામાં આવી, બચાવ કામગીરી ચાલુ



મુંબઈ,

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભિવંડીમાં શુક્રવારે વહેલી સવારે એક મોટી દુર્ઘટના બની, જ્યારે ચાર માળની રહેણાંક ઈમારતનો એક ભાગ અચાનક ધરાશાયી થયો હતો. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF) ના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે, જ્યારે રાહત અને બચાવ કામગીરી ચાલુ છે, જેમાં કાટમાળ નીચે ઘણા લોકો ફસાયા હોવાની આશંકા છે.

અકસ્માત પછી તરત જ, સ્થાનિક વહીવટીતંત્ર, ફાયર વિભાગ, પોલીસ અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. બચાવ કામગીરી દરમિયાન, એક મહિલાને કાટમાળમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી હતી. પ્રાથમિક સારવાર બાદ તેણીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. બચાવ ટીમો અત્યાધુનિક સાધનોનો ઉપયોગ કરીને કાટમાળ નીચે ફસાયેલા અન્ય લોકોને શોધી રહી છે. પ્રારંભિક માહિતી અનુસાર, ઈમારતમાં સમારકામનું કામ ચાલી રહ્યું હતું. ગુરુવારે મોડી રાત્રે ઈમારત ઝુકવા લાગ્યા પછી કેટલાક લોકો બહાર આવ્યા હોવાના અહેવાલ છે. જોકે, એવી આશંકા છે કે સમારકામ કાર્યમાં રોકાયેલા કેટલાક કામદારો અને અન્ય લોકો કાટમાળ નીચે ફસાયેલા છે. અધિકારીઓએ હજુ સુધી સત્તાવાર રીતે અંદર ફસાયેલા લોકોની ચોક્કસ સંખ્યાની પુષ્ટિ કરી નથી.

અકસ્માત બાદ, આસપાસના વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે. વહીવટીતંત્રે લોકોને બચાવ કામગીરીમાં અવરોધ ન લાવવા, સ્થળ પર ભીડ ન કરવા અને ફક્ત સત્તાવાર માહિતી પર આધાર રાખવાની અપીલ કરી છે. એમ્બ્યુલન્સ અને આપત્તિ રાહત ટીમો સ્થળ પર સતત તૈનાત છે.

ઈમારત ધરાશાયી થવાના કારણની તપાસ શરૂ કરવામાં આવી છે. ઈમારતની માળખાકીય નબળાઈ પહેલાથી અસ્તિત્વમાં હતી કે સમારકામ દરમિયાન કોઈ ટેકનિકલ ખામીને કારણે અકસ્માત થયો હતો તે નક્કી કરવા માટે પ્રાથમિક પ્રયાસો ચાલી રહ્યા છે.

તપાસ અહેવાલ જાહેર થયા પછી જ અકસ્માતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. હાલમાં,વહીવટીતંત્રની પ્રાથમિકતા કાટમાળમાં ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવા અને ઘાયલોને તાત્કાલિક સારવાર આપવાની છે.

# ૨૦૩૧ સુધીમાં AI ઓફિસ સેક્રેટરી અને હેલ્પર બનશે: માર્ક ઝકરબર્ગ

કેલિફોર્નિયા,

મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગે આગાહી કરી છે કે, આવનારા પાંચ વર્ષમાં દુનિયાભરના અબજો લોકો પાસે પોતાનો એઆઈ પર્સનલ આસિસ્ટન્ટ હશે. આ પીએ રોજિંદા જીવનમાં તેમની સાથે રહેશે અને વિવિધ કામોમાં મદદ કરશે. ભવિષ્યમાં એઆઈ માત્ર પ્રશ્નોના જવાબ આપતું ટૂલ નહીં રહે. પરંતુ, દરેક વ્યક્તિ માટે પર્સનલ હેલ્પર તરીકે કામ કરશે.

ઝકરબર્ગે જણાવ્યું કે, મેટા એવા એઆઈ આસિસ્ટન્ટ પર કામ કરી રહી છે, જે દરેક વ્યક્તિની આદતો, પસંદગી અને જરૂરિયાતોને સમજીને ૨૪ કલાક તેમની મદદ કરશે. હાલમાં એઆઈનો સૌથી વધુ ઉપયોગ કોડિંગ અને ટેકનિકલ કામો માટે થઈ રહ્યો છે. પરંતુ, મેટા એઆઈને સામાન્ય વ્યક્તિ માટે સરળ અને ઉપયોગી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

એઆઈ પીએ હેલ્થ ટ્રેક કરવામાં, મની મેનેજમેન્ટમાં, ટ્રાવેલ પ્લાનિંગ, શિડયુલ મેનેજમેન્ટ અને અનેક નાના-મોટા કામોને સરળ બનાવવામાં મદદ કરશે. મેટાના વ્હોટ્સએપ, મેસેન્જર અને ઈન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મ્સ આ એઆઈ આસિસ્ટન્ટનું મુખ્ય માધ્યમ બનશે. હાલ, મેટા એઆઈને અનેક બિઝનેસ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

# ઈરાન સામેના યુદ્ધથી અમેરિકનો નારાજ, ટ્રમ્પનું રેટિંગ ૩૩ ટકા સાથે તળિયે પહોંચ્યું

### દર દસમાંથી સાત અમેરિકનોને ઓઈલ-ગેસના ઊંચા ભાવની ચિંતા, મોંઘવારીમાં ઘટાડો કરવાની માગ

વોશિંગ્ટન,

અમેરિકન પ્રમુખ ટ્રમ્પનું એપ્રુવલ રેટિંગ પહેલી જ વખત જો બાઈડેનના સૌથી નિમ્ન રેટિંગ ૩૩ ટકાએ પહોંચી ગયુ છે. ટ્રમ્પનું પહેલી ટર્મમાં નીચામાં નીચું રેટિંગ ૩૪ ટકા હતુ અને બીજી ટર્મમાં બે વર્ષ પૂરા થતાં પહેલાં તેમનું રેટિંગ ૩૩ ટકાએ પહોંચી ગયુ તે બતાવે છે કે તેમના પ્રત્યે લોકોની નારાજગી કેટલી વધી રહી છે. તેમા પણ ઈરાન યુદ્ધનો અપેક્ષિત અંત લાવવામાં નિષ્ફળતાથી લોકો વધુ ભડક્યા છે.

મોટાભાગના અમેરિકનો માની રહ્યા છે કે ટ્રમ્પ જે ઈરાન યુદ્ધ લડી રહ્યા છે તેનો કોઈ અર્થ જ નથી. દર દસમાંથી માંડ બે અમેરિકન ઈરાન યુદ્ધને સમર્થન આપે છે. આશ્ચર્યની વાત તો એ છે કે ટ્રમ્પ અમેરિકા હવે કોઈ નવું યુદ્ધ શરૂ કરે તેવું વચન આપીને સત્તા પર આવ્યા હતા અને હવે તે પણ અગાઉના પ્રમુખો જેવા યુદ્ધખોર હોવાનું અમેરિકન પ્રજાને લાગવા માંડયું છે. એસોસિયેટેડ પ્રેસ-નોર્ક સેન્ટરનો આ પોલ ૨૩થી ૨૭ જુલાઈ દરમિયાન કરવામાં આવ્યો હતો. આમ ટ્રમ્પનું રેટિંગ દર મહિને ઉત્તરોતર ઘટવા લાગ્યુ છે, જે નવેમ્બરમાં મિડ ટર્મ ચૂટણી છે ત્યારે રિપબ્લિકન માટે ચિંતાજનક બાબત છે.

અમેરિકાએ મધ્યપૂર્વમાં યુદ્ધ શરુ કર્યાને પાંચ મહિના વીતી ગયા હોવા છતાં પણ તેઓ હજી સુધી આ યુદ્ધનો અંત પણ લાવી નથી શક્યા કે યુદ્ધના મોરચે એવો કોઈ મોટો વિજય પણ મેળવી શક્યા નથી કે જેથી કહી શકાય કે અમેરિકાએ આ યુદ્ધમાં મેદાન માર્યા. આવી કોઈ સિદ્ધિ મેળવ્યા વગર અમેરિકા ૧૮ સૈનિકો ગુમાવી ચૂક્યું છે.

# અમેરિકામાં ભણવું થશે મોંઘું: ટ્રમ્પ સરકાર વિદેશી વિદ્યાર્થીઓ માટે OPT પ્રોગ્રામ પર ૧ લાખ ડોલરની ફી લાદવાની તૈયારીમાં

### ગ્રેજ્યુએશન પછી અમેરિકામાં નોકરી કરવા માટે વિદેશી વિદ્યાર્થીઓએ ચૂકવવા પડી શકે છે ૮૩ લાખ રૂપિયા સુધીની ફી

વોશિંગટન,

અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદેશી વિદ્યાર્થીઓ માટે ટ્રમ્પ સરકાર એક મોટો આંચકો આપવાની તૈયારી કરી રહી છે. નવા પ્રસ્તાવ મુજબ, યુએસ યુનિવર્સિટીઓમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા પછી ત્યાં નોકરી કરવાની પરવાનગી મેળવવા માટે વિદેશી વિદ્યાર્થીઓએ ૧ લાખ ડોલર (લગભગ રૂ.૮૩ લાખ) ફી તરીકે ચૂકવવા પડી શકે છે.

અમેરિકાની સરકાર આ ફી 'ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ' પ્રોગ્રામ હેઠળ લાગુ કરવા જઈ રહી છે. આ સિસ્ટમ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને તેમના સ્ટુડન્ટ વિઝા પર ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી ૧ થી ૩ વર્ષ સુધી અમેરિકામાં કામ કરવાની મંજૂરી આપે છે. વર્ષ ૨૦૨૪ ના આંકડા મુજબ, લગભગ ૪,૧૯,૦૦૦ વિદેશી વિદ્યાર્થીઓ આ પ્રોગ્રામ હેઠળ યુએસમાં કામ કરી રહ્યા હતા.

ટ્રમ્પ સરકારના આ નિર્ણયથી વિદેશી વિદ્યાર્થીઓનો અમેરિકા જવાનો ક્રેઝ ઘટી શકે છે. આ પગલાની સીધી અસર યુએસ યુનિવર્સિટીઓની નાણાકીય સ્થિતિ પર પડશે, જે વિદેશી વિદ્યાર્થીઓની ફી પર નિર્ભર છે. આ ઉપરાંત સિલિકોન વેલી અને વોલ સ્ટ્રીટની ટેકનોલોજી અને ફાયનાન્સ કંપનીઓને ટેકનિકલ હોદ્દા માટે યોગ્ય ટેલેન્ટ શોધવામાં ભારે મુશ્કેલી પડશે. અગાઉ ટ્રમ્પ સરકારે ૐ-૧મ વિઝા પર ઈ૧ લાખની લેવી લગાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બોસ્ટનની અદાલતે તેના પર રોક લગાવી દીધી હતી. હવે OPT પર આ ફી લાદીને સરકાર તે જ લક્ષ્ય હાસિલ કરવા માંગે છે.

# નાગરિકોની સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા : ડો જયંતિ રવિ




## રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની સ્થિતિને ધ્યાને રાખીને અધિક મુખ્ય સચિવ મહેસૂલ ડૉ.જયંતિ રવિની અધ્યક્ષતામાં કરાઈ સર્વગ્રાહી સમીક્ષા

ગાંધીનગર,

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૩૧ જુલાઈથી ૨ ઓગસ્ટ દરમિયાન રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જે અંતર્ગત સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરૂચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર સહિતના વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.ભારે વરસાદની આગાહીને પગલે વહીવટી તંત્રને સંપૂર્ણપણે સજ્જ અને સતર્ક રાખવાના હેતુથી ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર -SEOC ખાતે ડૉ. જયંતિ રવિની અધ્યક્ષતામાં એક સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં પ્રભાવિત થઈ શકે તેવા તમામ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે હાલની પરિસ્થિતિ અને આપત્તિ વ્યવસ્થાપનની પૂર્વ તૈયારીઓની ડૉ. જયંતિ રવિ દ્વારા ઉંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિએ સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરૂચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના કલેકટરશ્રીઓ તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરેન્સના માધ્યમથી સીધો સંવાદ સાધ્યો હતો.

ભારે વરસાદની આગાહી વચ્ચે અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિએ પ્રભાવિત તમામ જિલ્લાના અધિકારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિને પહોંચી વળવા માટે દરેક જિલ્લામાં ૨૪૮૭ કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા અને એક વર્ગ-૧ અધિકારીને રાઉન્ડ ધ ક્લોક સુપરવિઝન માટે તૈનાત કરવાનો નિર્દેશ આપ્યો છે.નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન માટે જરૂરિયાત મુજબ NDRF અને SDRF ની ટીમોને ત્વરિત તૈનાત કરવા જણાવાયું છે.

## ગુજરાતમાં રેડ એલર્ટની આગાહીને પગલે તંત્ર એલર્ટ: અધિકારીઓની રજાઓ રદ કરાઈ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આદેશ બાદ રાજયના અધિકારીઓને હેડક્વાર્ટરમાં હાજર રહેવા આદેશ છૂટ્યા

ગાંધીનગર,

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભારે વરસાદની આગાહીને પગલે ગુજરાત સરકાર સંપૂર્ણ રીતે હરકતમાં આવી ગઈ છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી દ્વારા તમામ સંબંધિત અધિકારીઓની રજાઓ રદ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સાથે જ તમામ અધિકારીઓને પોતાના હેડક્વાર્ટર છોડ્યા વિના તરત જ હાજર રહેવા સખત આદેશ આપવામાં આવ્યા છે, જેથી કોઈપણ કટોકટીની પરિસ્થિતિમાં ઝડપી રાહત અને બચાવ કામગીરી હાથ ધરી શકાય.

મુખ્યમંત્રીના આદેશ બાદ રાજ્ય ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક અધિક મુખ્ય સચિવ (મહેસૂલ) ડો. જયંતી રવીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં ખાસ કરીને ભારે વરસાદની સંભાવના ધરાવતા તમામ જિલ્લાઓના કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

## માંજલપુર વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણીમાં ૩૪%થી વધુનું મતદાનઃ ૩ ઓગસ્ટે મત ગણતરી

વડોદરા,

મંજલપુર વિધાનસભા મતવિસ્તાર ક્રમાંક ૧૪૫, પર પેટા ચૂંટણી માટે મતદાન યોજાયુ હતું. માંજલપુરમાં ૩૪ ટકાથી વધુનું મતદાન થયું હતું. ૩ ઓગસ્ટે ચૂંટણીના પરિણામ જાહેર થશે. ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૧,૪૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ તહેનાત રહ્યા હતા. સંવેદનશીલ મતદાન મથકો પર વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયાના જણાવ્યા મુજબ મતદાન પૂર્ણ થયા બાદ તમામ ઈવીએમ અને અન્ય ચૂંટણી સામગ્રીને સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમમાં સીલ કરવામાં આવશે. ત્યારબાદ ૩ ઓગસ્ટે મતગણતરી હાથ ધરવામાં આવશે અને પરિણામ જાહેર કરવામાં આવશે. ચૂંટણી તંત્રે તમામ મતદારોને લોકશાહીના પર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાની અપીલ પણ કરી છે.

ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરાયેલી માન્ય ઉમેદવારોની યાદી મુજબ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સતીષ ગોવિંદભાઈ પટેલ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર ભીખાભાઈ રબારી વચ્ચે સીધી ટક્કર થશે. અન્ય ઉમેદવારોના ઉમેદવારીપત્રો રદ થતાં હવે ચૂંટણીમાં દ્વિપક્ષીય મુકાબલો થઈ રહ્યો છે. માંજલપુર બેઠક પૂર્વ ધારાસભ્ય યોગેશ પટેલના અવસાન પછી ખાલી પડી હતી, જેને પગલે ચૂંટણી પંચે પેટાચૂંટણી જાહેર કરી હતી.

મંજલપુર વિધાનસભા મતવિસ્તાર ક્રમાંક ૧૪૫, વડોદરા જિલ્લાનો એક સંપૂર્ણ શહેરી વિસ્તાર છે. ૨૦૧૧ની વસ્તીગણતરી પ્રમાણે અહીંની કુલ વસતિ ૩,૧૯,૧૯૨ છે, જેમાં ૧૦૦ ટકા વસતિ શહેરી છે, ગ્રામ્ય ભાગ શૂન્ય છે.

## મહેસૂલ વિભાગ હસ્તકની તમામ કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા આંતરિક બદલીની સત્તા કલેક્ટરને સોંપાઈ

### રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય : ખાતાના વડાની બદલીઓ અંગેની મૂળ સત્તા યથાવત રહેશે

ગાંધીનગર,

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાને વધુ ઝડપી, સુદ્રઢ અને લોકાભિમુખ બનાવવા માટે એક અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગ હસ્તકના ખાતાના વડાઓની કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા પૂરતી આંતરિક બદલી કરવાની સત્તાઓ હવે સીધી સંબંધિત જિલ્લા કલેક્ટરને પણ સોંપવામાં આવી છે. જ્યારે, જે તે ખાતાના વડાની બદલીઓ અંગેની મૂળ સત્તા યથાવત રહેશે.



રાજ્યમાં જિલ્લા કક્ષાએ મહેસૂલી તંત્રનું સંપૂર્ણ દેખરેખ અને સંકલન કલેક્ટર દ્વારા કરવામાં આવતું હોય છે. ઘણીવાર અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં સ્થાનિક કક્ષાએ કર્મચારીઓની બદલી કરવાની પર્યાપ્ત સત્તા ન હોવાથી અરજદારોના કામો લંબાતા હતા. રાજ્ય સરકારની પુખ્ત વિચારણાના અંતે હવે કલેક્ટરને અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં બદલીની સત્તાઓ સોંપતો નિર્ણય કરવામાં આવ્યો છે.અગાઉ કલેક્ટરને નાયબ મામલતદાર, મહેસૂલી કારકૂન અને મહેસૂલી તલાટીઓની બદલી કરવાની સત્તા હતી. હવે આ નિર્ણયના પરિણામે કલેક્ટર મહેસૂલ વિભાગના અન્ય ખાતાના વડાઓની જિલ્લા તથા તાલુકા કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓ જેવા કે, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨, સિનિયર સર્વેયર, સર્વેયર અને કારકૂન વગેરેની જિલ્લા પૂરતી બદલી કરી શકશે.આ બદલીઓ જે તે ખાતાના વડાના મહેકમ પૂરતી જ સીમિત રહેશે.કલેક્ટર દ્વારા બદલી કરતી વખતે સંબંધિત જિલ્લા કક્ષાના વિભાગીય અધિકારીશ્રી સાથે જરૂરી સંકલન કરવાનું રહેશે, જેથી કચેરીઓની રોજબરોજની કામગીરી ખોરવાય નહી.

## વલસાડ-નવસારી પૂરગ્રસ્તોની વ્હારે ગુજરાત સરકાર

### વલસાડ- નવસારી જિલ્લાઓમાં વેપારીઓ, લારી-ગલ્લાધારકો અને અન્ય અસરગ્રસ્તોને આર્થિક સહાય આપવામાં આવશે : જીતુભાઈ વાઘાણી

વલસાડ,

અતિ ભારે વરસાદ અને પૂરથી પ્રભાવિત વલસાડ અને નવસારી જિલ્લાના વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને અન્ય અસરગ્રસ્તોને સુરત અને અમદાવાદની તરાહ પર જ આર્થિક સહાય ચૂકવવામાં આવશે, તેમ પ્રવક્તામંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે.

વલસાડ અને નવસારી જિલ્લામાં નોધાયેલા અસાધારણ વરસાદને ધ્યાનમાં રાખી બંને જિલ્લાઓને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે.

વલસાડ ખાતે મીડિયા સાથેની મુલાકાતમાં પ્રવકતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેતી અને બાગાયતી પાકોના નુકસાનનો તાત્કાલિક સર્વે કરીને રાજ્ય અને



કેન્દ્ર સરકારના ધોરણો મુજબ સહાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, ઘાસચારાની અછત દૂર કરવા કલેક્ટરને તાત્કાલિક નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી છે. અસરગ્રસ્તોને આ મહિનાથી જ રાશન સહાય આપવાનો નિર્ણય લેવાયો હોવાનું પણ પ્રવક્તામંત્રીએ જણાવ્યું.

જીતુભાઈ વાઘાણીએ સ્થિતિનો ચિતાર આપતા જણાવ્યું કે, દોઢ-બે દિવસમાં એક સાથે આટલો વરસાદ પડી જાય એ અસાધારણ ઘટના છે. તેમણે કહ્યું કે કદાચ ભારતમાં આટલો ભારે વરસાદ બહુ ઓછા સ્થળોએ પડ્યો હશે અને આ કટોકટીની સ્થિતિમાં રાજ્ય સરકાર નાગરિકોની પડખે છે.

જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહિનાથી જ રાશન આપવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. મંત્રીએ કહ્યું કે, નવસારી અને વલસાડ જિલ્લામાં ખેતીઅને બાગાયતમાં જે નુકશાન થયું છે, તેનો સર્વે કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારાધોરણ અનુસાર મદદ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે બાગાયતી પાકોમાં જે છોડ-વૃક્ષને નુકશાન થયું છે તેને વૈજ્ઞાનિક પદ્ધતિથી બચાવવા પ્રયાસ કરવામાં આવશે. પુર દરમિયાન એનજીઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ, ઉદ્યોગો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પત્રકારો અને સ્થાનિક નાગરિકોના સેવાભાવનાને મંત્રીએ બિરદાવી હતી.

## ભારે વરસાદની આગાહીને પગલે રાજ્યના તમામ શહેર, જિલ્લા અને રેન્જ વડાઓને સતર્ક રહેવા સૂચના

### રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકના અધ્યક્ષસ્થાને યોજાઈ વિડિયો કોન્ફરન્સ

ગાંધીનગર,

રાજ્યમાં ભારે વરસાદની આગાહીને પગલે નાગરિકોના જાનમાલના રક્ષણ માટે ગુજરાત પોલીસ દ્વારા વ્યાપક અને આયોજનબદ્ધ પૂર્વતૈયારીઓ હાથ ધરવામાં આવી છે. રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકના અધ્યક્ષસ્થાને ઉચ્ચ સ્તરીય વિડિયો કોન્ફરન્સ યોજાઈ હતી જેમાં રાજ્યના તમામ શહેર, જિલ્લા અને રેન્જ વડાઓને સતર્ક રહેવા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

આપત્તિ સામે લડવા માટે પૂર-રાહત અને બચાવ કામગીરીના યાંત્રિક સાધનો તથા બોટને વાપરવા લાયક સજ્જ રાખવા સૂચના અપાઈ છે. NDRF અને SDRFની ટીમો સાથે સંકલન સાધીને સ્થાનિક પોલીસને પણ કામગીરીમાં જોડવામાં આવી છે. આ ઉપરાંત નીચાણવાળા અને સંવેદનશીલ વિસ્તારોમાંથી નાગરિકોની સાથે પશુધનને પણ સુરક્ષિત સ્થળે ખસેડવા માટે જિલ્લા વહીવટી તંત્ર, મ્યુનિસિપલ કોર્પોરેશન, વન વિભાગ, માર્ગ-મકાન વિભાગ અને વીજ કંપનીઓ સાથે મળીને સંયુક્ત 'ઈવેક્યુએશન પ્લાન' પણ અમલમાં મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજયમાં વાહનવ્યવહાર સુચારૂ રીતે ચાલે તે માટે રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર ટ્રાફિક નિયમન માટે પોલીસ જવાનો તૈનાત કરાયા છે. બંધ પડેલા વાહનોને ખસેડવા ક્રેનની સુવિધાઓ અને જરૂર પડ્યે વૈકલ્પિક રસ્તાઓની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

જનજાગૃતિ માટે પબ્લિક એડ્રેસ સિસ્ટમ, સોશિયલ મીડિયા અને લોકલ નેટવર્ક દ્વારા નાગરિકોને જર્જરીત મકાનો, વીજળીના થાંભલા કે નદી-નાળાથી દૂર રહેવા સતત ચેતવણી આપવામાં આવી રહી છે. સ્થળાંતરિત કરાયેલા નાગરિકો માટે બનાવેલા રાહત કેન્દ્રો પર ખોરાક, શુદ્ધ પીવાનું પાણી, વીજળી અને ખાસ કરીને મહિલાઓ, બાળકો તથા વરિષ્ઠ નાગરિકો માટે સુરક્ષિત આશ્રયસ્થાનો સુનિશ્ચિત કરવામાં આવ્યા છે.

સમગ્ર પરિસ્થિતિ પર ૨૪ કલાક નજર રાખવા માટે જિલ્લા કંટ્રોલ રૂમ સક્રિય કરાયા છે જે ગાંધીનગર સ્થિત સ્ટેટ કંટ્રોલ રૂમ સાથે સતત સંપર્કમાં રહેશે.

વિકટ પરિસ્થિતિમાં પણ સંદેશાવ્યવહાર ખોરવાય નહીં તે માટે ફઉઁલ્હ, ઉઁલ્હ અને ઈઁ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સંવેદનશીલ સ્થળો પર પોલીસ, હોમગાર્ડ્સ, પ્ઈહ, ઈમ્ અને ફાયર સર્વિસના જવાનોને અગાઉથી જ ખડેપગે કરી દેવાયા છે. આગામી ૨૪ થી ૪૮ કલાક દરમિયાન તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અત્યંત સજાગ રહી માનવજીવન તેમજ પશુઓની સુરક્ષા માટે ઝડપી અને નિવારક પગલાં લેવા આદેશ આપવામાં આવ્યા છે.

## વડોદરામાં પોલીસ ભવન નજીક નર્મદા ભવનમાં ચોરી સરકારી કચેરીમાંથી પંખા અને એલઈડી લાઈટ ચોરાઈ

### પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી

વડોદરા,

વડોદરા શહેરમાં ચોરીની એક ઘટના સામે આવી છે, જેમાં પોલીસ ભવન નજીક આવેલા નર્મદા ભવનમાં તસ્કરોએ સરકારી કચેરીને નિશાન બનાવી છે. તસ્કરો કચેરીનું દરવાજાનું પ્લાય તોડી અંદર ઘૂસ્યા હતા અને સરકારી મિલકતની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. આ મામલે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, વડોદરાના જેલ રોડ પર આવેલા નર્મદા ભવનમાં અધિક નોંધણી સર નિરીક્ષકની જૂની કચેરી આવેલી હતી. આ કચેરી જુલાઈ ૨૦૨૫માં



દિવાળીપુરા સ્થિત નવી કલેક્ટર કચેરી ખાતે ખસેડવામાં આવી હતી. હાલ જૂની કચેરીમાં રિનોવેશનનું કામ ચાલી રહ્યું હતું, જેનો લાભ તસ્કરોએ ઉઠાવ્યો હોવાનું સામે આવ્યું છે. ૨૮ જુલાઈ ૨૦૨૬ના રોજ રાત્રે રૂટીન ચેકિંગ દરમિયાન સરકારી સામાન ગાયબ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. ત્યારબાદ તપાસ કરતા રૂમ નંબર ૬૨૦ના મુખ્ય દરવાજાના નીચેના ભાગનું પ્લાય તૂટેલી હાલતમાં મળી આવ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે તસ્કરો દરવાજો તોડી અંદર પ્રવેશ્યા હતા.ચોરી માં તસ્કરો ક્રોમ્પટન કંપનીના ૧૦ સીલિંગ ફેન અને એક્કર કંપનીની ૧૨ એલઈડી લાઈટ લઈ ગયા હોવાનું સામે આવ્યું છે.

## જમાલપુર બ્રિજ નીચે ટ્રાફિક જામ વચ્ચે લૂંટની ઘટના : છરી બતાવી તેલના બે ડબ્બા લૂંટ્યા



અમદાવાદ,

અમદાવાદ શહેરમાં લૂંટ અને છેતરપિંડીની બે અલગ ઘટનાઓ સામે આવી છે. પ્રથમ ઘટનામાં જમાલપુર બ્રિજ નીચે વહેલી સવારે છરી બતાવી સિંગતેલના ડબ્બાની લૂંટ કરવામાં આવી હતી. જયારે બીજી ઘટનામાં પ્લોટ આપવાના નામે એક વ્યક્તિ સાથે ૨.૯૫ લાખ રૂપિયાની છેતરપિંડી કરાયાની ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, નારોલ વિસ્તારમાં રહેતા પ્રીતેશ રાણા અને તેમના ભાઈ ધ્રુવિલ ૨૯ જુલાઈના રોજ વહેલી સવારે બોલેરો પીકઅપ વાહનમાં કરિયાણાનો સામાન અને તેલના ડબ્બા ભરીને ચાંદખેડા તરફ જઈ રહ્યા હતા.

સવારે અંદાજે ૫ વાગ્યાના સમયે જમાલપુર બ્રિજ નીચે શાકભાજીની ગાડીઓના કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.આ દરમિયાન બે અજાણ્યા શખ્સો પીકઅપ વાહનના પાછળના ભાગે ચડી ગયા હતા અને તેલના ડબ્બા ઉતારવાનો પ્રયાસ કર્યો હતો.

## સોશિયલ મીડિયાની ઈન્ફ્લ્યુએન્સર કીર્તિ પટેલની સુરત પોલીસે ધરપકડ કરી

સુરત,

હંમેશા વિવાદમાં રહેતી કીર્તિ પટેલની પોલીસે સુરેન્દ્રનગરથી અટકાયત કરી છે. સુરતમાં કીર્તિ પટેલ અને ભાવનગરની સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. ભાવનગરના વેપારી રાજુ ભમ્મરે આ બંને સામે ફરિયાદ નોંધાવી છે. પરિવારની સોશિયલ મીડિયા પર ભયંકર બદનક્ષી કરવા અને ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાઈ છે. આ મામલે વિગતવાર માહિતી આપતા ડીસીપી આલોક કુમારે જણાવ્યું હતું કે, સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં BNSની કલમ 296(B), એક્સ્ટોર્શન (ખંડણી), માનહાનિ, ગુનાહિત ધમકી અને ગુનાહિત ષડયંત્ર તેમજ આઈટી




એક્ટની કલમ ૬૭ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં ખૂલવા પામ્યું છે કે, આરોપી કીર્તિ પટેલે નયના બારૈયા સાથે મળીને રેપની એક ફરિયાદમાં સેટલમેન્ટ કરવાના નામે રૂપિયા ૧૨ લાખ પડાવ્યા હતા. આ ઉપરાંત, ફરિયાદી રાજુ ભુવા ભમ્મર પાસેથી અલગ-અલગ સમયે દોઢ વર્ષના લાંબા ગાળા દરમિયાન કુલ ૩ કરોડ ૧૨ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. તપાસ પૂર્ણ થયા બાદ કોર્ટમાં રિપોર્ટ રજૂ કરીને કેસમાં રંગદારી અને ખંડણીની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો હતો.

# શાસન વ્યવસ્થાની ભારતીય દૃષ્ટિ: શહેરમાં યોજાશે પ્રા. ડૉ. સંજીવકુમાર શર્માનો વિચારપ્રેરક સંવાદ

**‘ભારત સંવાદ શ્રેણી-૨’ અંતર્ગત શનિવારે મેઘાણી મિની ઓડિટોરિયમ ખાતે ભારતીય રાજકીય ચિંતન પર વિશેષ વ્યાખ્યાન**




ભાવનગર,તા.૩૧

દેશમાં વ્યવસ્થા પરિવર્તનની ચર્ચા વચ્ચે રામરાજ્ય, અર્થશાસ્ત્ર અને ભારતીય રાજકીય ચિંતન આજના સમયમાં કેટલું પ્રાસંગિક છે? શું ભારત પાસે પોતાનું એવું વ્યવસ્થા તંત્ર હોઈ શકે જે ભારતને ભારતીય દૃષ્ટિથી જોતું હોય અને પ્રશ્નોનું ભારતીય પદ્ધતિથી સમાધાન આપતું હોય? શું ભારત વિશ્વને આધુનિક લોકશાહી માટે નવું "Governance Model" આપી શકે? આવા અનેક મૌલિક પ્રશ્નો પર પ્રકાશ પાડવા ભારતીય જ્ઞાન પરંપરાના પ્રખ્યાત અભ્યાસકર્તા અને મહાત્મા ગાંધી સેન્ટ્રલ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રો. (ડૉ.) સંજીવકુમાર શર્મા પ્રથમ વખત ભાવનગર પધારી રહ્યા છે.


ભારતીય વિચાર મંચ - ભાવનગર દ્વારા મહર્ષિ અરવિંદ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના સહયોગથી ’ભારત સંવાદ શ્રેણી-૨’ અંતર્ગત બીજા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાન શાસન વ્યવસ્થાની ભારતીય દૃષ્ટિ અને પદ્ધતિ વિષય પર ૧ ઓગસ્ટ, શનિવારે સાંજે ૫:૦૦ વાગ્યે મેઘાણી ઓડિટોરિયમ, મિની થિયેટર, સરદારનગર, ભાવનગર ખાતે યોજાશે.

નોંધનીય છે કે, યોગક્ષેમ: ઈન્સ્ટિટ્યૂટ ઓફ ભારત સ્ટડીઝના ચેરમેન પ્રો. (ડૉ.) સંજીવકુમાર શર્મા ૪૨ વર્ષથી વધુનો અધ્યાપન, સંશોધન અને વહીવટી અનુભવ ધરાવે છે. તેમણે 25 Ph.D. અને 64 M.Phil. સંશોધકોને માર્ગદર્શન પૂરું પાડ્યું છે તથા ૧૦૦થી વધુ સંશોધનપત્રો, અનેક પુસ્તકો અને ૬૦૦થી વધુ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય વ્યાખ્યાનો આપ્યા છે.

ભારતીય વિચાર મંચ - ભાવનગર કેન્દ્રના અધ્યક્ષ ડૉ. ગિરીશભાઈ વાઘાણીએ શહેરના તમામ જિજ્ઞાસુઓ, પ્રબુદ્ધ નાગરિકો, શિક્ષકો અને જાગૃત નાગરિકોને આ વિશિષ્ટ વ્યાખ્યાનમાં ઉપસ્થિત રહી કાર્યક્રમમાં પૂર્ણસમય હાજરી આપવા માટે જાહેર આમંત્રણ પાઠવ્યું છે.

# સ્વામિનારાયણ ગુરુકુળ પરિવાર દ્વારા આવતીકાલે યોજાશે રક્તદાનનો મહાયજ્ઞ

## સદગુરુ પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજીની પવિત્ર સ્મૃતિમાં ‘રક્તદાન મહીયતે’ અભિયાન






ભાવનગર,તા.૩૧

માનવતા અને સમાજસેવાની ઉમદા પરંપરાને આગળ વધારતા, સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર દ્વારા અ. નિ. પ. પૂ. સદગુરુ પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજીની સ્મૃતિમાં દર વર્ષની માફક ભવ્ય મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના સંચાલક કે.પી સ્વામીની દીર્ઘદ્રષ્ટિથી વિશેષ ’ર્ફ્દછ્ઈ ઈઈઢ’ અભિયાન અંતર્ગત યોજાનાર આ સેવાકીય મહાયજ્ઞ ૧ ઑગસ્ટ શનિવારના રોજ સવારે ૭:૩૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા દરમિયાન સ્વામિનારાયણ ગુરુકુલ - સરદાનગર, નૈમિષારણ્ય સ્કૂલ (જી.આઈ.ડી.સી. ગુરુકુળ ચિત્રા, ભાવનગર), સ્વામિનારાયણ ગુરુકુળ - લાઠીદડ અને સ્વામિનારાયણ ગુરુકુળ - ડભોઈ વગેરે કેન્દ્રો ખાતે એકસાથે યોજાશે.

રક્તદાન એ માત્ર એક દાન નથી પરંતુ કોઈ મુશ્કેલીમાં મુકાયેલા દર્દીને કે અકસ્માતનો ભોગ બનેલા નિર્દોષ વ્યક્તિને નવજીવન આપવાનો પરમ માર્ગ છે, કારણ કે આપણું થોડુંક રક્તદાન કોઈના ઘરનો દીવો બુઝાતો અટકાવી શકે છે. "રક્તદાન મહીયતે" (રક્તદાન એ શ્રેષ્ઠ દાન છે) આ પવિત્ર સૂત્રને સાર્થક કરવા માટે કેમ્પમાં સંસ્થાના સંચાલક પૂ. કે.પી. સ્વામીજી તથા સંતો, મહંતો, દરેક વિભાગના આચાર્યઓ, પ્રોફેસરો તથા ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્યુન, વાલીઓ, પ્રતિષ્ઠિત નાગરિકો, રિક્ષાચાલકો, બસ ડ્રાઈવરો અને યુવા કોલેજિયન વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાશે.

સમસ્ત ભાવેણાવાસીઓ તથા આસપાસના વિસ્તારના તમામ જાગૃત નાગરિકોને આ ઉત્તમ સેવાકાર્યમાં પધારવા અને રક્તદાન કરીને કોઈકના જીવનમાં ખુશીઓ લાવવા માટે જાહેર આમંત્રણ આપવામાં આવે છે, જેથી આપણે સૌ સાથે મળીને આ ઉમદા સામાજિક અને માનવતાવાદી કાર્યમાં સહભાગી બની આપણી સામાજિક જવાબદારી નિભાવી શકીએ.

# ક્રેડિટ કાર્ડનો વીમો બંધ કરાવવાના બહાને રૂપિયા ૭૪ હજારની ઠગાઈ

**વોટ્સએપ પર આવેલી શંકાસ્પદ APK ફાઈલ ઓપન કરતાં જ આધેડનો ફોન હેંગ થયો, ઘોઘારોડ પોલીસ મથકે ગુનો દાખલ**

ભાવનગર,તા.૩૧

શહેરના બોરડીગેટ વિસ્તારમાં આવેલી મહાત્મા ગાંધી સોસાયટીમાં રહેતા નિલેષભાઈ રાજાભાઈ સોલંકી નામના આધેડ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. તેમનું બેંક ઓફ બરોડાનું ક્રેડિટ કાર્ડ ગુમ થતાં તેમણે બેંકનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ગત તા. ૧૦-૪ના રોજ તેમને એક અજાણ્યા નંબર ૭૩૬૭૯૬૫૧૪૪ પરથી કોલ આવ્યો હતો.

સામે વાળા શખ્સે ’તમારા ક્રેડિટ કાર્ડ પર વીમો ચાલુ છે અને તે બંધ કરવા માટે વોટ્સએપ પર મોકલેલી લિંક/મેસેજ ઓપન કરો’ તેમ જણાવ્યું હતું. નિલેષભાઈએ વોટ્સએપમાં આવેલી APK ફાઈલ ડાઉનલોડ કરીને ઓપન કરતા જ તેમનો મોબાઈલ ફોન હેંગ થઈ ગયો હતો. ત્યારબાદ ઠગોએ તેમના ક્રેડિટ કાર્ડમાંથી કટકે-કટકે કુલરૂ.૭૪,૧૮૯ ઉપાડી લીધા હતા. પોતાની સાથે ઠગાઈ થઈ હોવાની જાણ થતાં નિલેષભાઈએ આ અંગે ઘોઘારોડ પોલીસ મથકમાં અજાણ્યા મોબાઈલ નંબર ધારક સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# નશીલી કફ સીરપની ૮૪ બોટલ સાથે એક શખ્સ ઝબ્બે, બે સામે ગુનો દાખલ

## મોતીતળાવ નાળા પાસેથી રૂપિયા ૯૦,૩૦૦ના મુદ્દામાલ સાથે કુંભારવાડાના શખ્સની ધરપકડ, સીરપ સપ્લાયર સામે પણ FIR

ભાવનગર,તા.૩૧



ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મોતીતળાવ નાળા પાસેથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે બાતમીના આધારે દરોડો પાડીને કોડીન ફોસ્ફેટ ધરાવતી કફ સીરપના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. SOGની ટીમે સ્થળ પરથી અકરમ ઈલિયાસભાઈ વડદરીયા (ઉ.વ. ૩૨, રહે. શેરી નં. ૭, કુંભારવાડા)ને પકડી પાડી તેની પાસેથી રૂ. ૧૨,૬૦૦ની કિંમતની કફ સીરપની ૮૪ બોટલ, રૂ. ૩૦,૦૦૦ની કિંમતના બે મોબાઈલ અને રૂ. ૪૭,૭૦૦ની રોકડ રકમ મળીને કુલ રૂ. ૯૦,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આરોપીની સઘન પૂછપરછમાં આ જથ્થો રુવાપરી રોડ પર રહેતા સરફરાઝ રૂસ્તમભાઈ કુરેશી પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત કરી હતી. આ અંગે SOGના ASI મહાવીરસિંહ ગોહિલની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસે અકરમ વડદરિયા અને સરફરાઝ કુરેશી સામે NDPS એક્ટ તથા BNSની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલિતાણા આવેલા વાંકાનેરના મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

**પ્રવાસ દરમિયાન તબિયત લથડતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા**

ભાવનગર,તા.૩૧

પાલિતાણા પ્રવાસે આવેલા મોરબીના વાંકાનેરના ૪૩ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. મહિલાની તબિયત લથડતાં તેમને ૨૮ જુલાઈના રોજ ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ૨૯ જુલાઈના રોજ તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

આ કેસ સામે આવતા જ ભાવનગર આરોગ્ય વિભાગે મહિલાની સારવાર શરૂ કરી તેમની ટ્રાવેલ હિસ્ટ્રી અને સંપર્કમાં આવેલા લોકોની તપાસ હાથ ધરી છે. ઉપરાંત, જરૂરી તકેદારીના પગલાં લેવા અંગે મોરબી આરોગ્ય વિભાગ અને સ્થાનિક પ્રશાસનને જાણ કરવામાં આવી છે.

# જિલ્લાના દરિયાકાંઠા અને ક્રિક વિસ્તારમાં બોટોની અવરજવર પર પ્રતિબંધ

ભાવનગર,તા.૩૦

ભાવનગર જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.ડી. ગોવાણી દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને જિલ્લાના સમગ્ર દરિયાકાંઠા તથા ક્રિક વિસ્તારમાં તા. ૩૧ જુલાઈ, ૨૦૨૬થી તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી માછીમારી માટે સમુદ્રમાં જવા તેમજ બોટોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જાહેરનામા અનુસાર, આ સમયગાળા દરમિયાન કોઈપણ માછીમાર કે અન્ય વ્યક્તિ માછીમારી અર્થે દરિયામાં જઈ શકશે નહીં. જોકે, આ હુકમ પોર્ટ પર આવતા વ્યાપારિક જહાજો, સુરક્ષાદળો અને પોલીસની બોટો, પગડિયા માછીમારો, નોન-મોટરાઈઝ્ડ ક્રાફ્ટ તેમજ મત્સ્યોદ્યોગ નિયામક અથવા પોર્ટ ઓફિસર દ્વારા અધિકૃત કરવામાં આવેલી બોટોને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ’ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩’ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અમલીકરણ અને દેખરેખ માટે હેડ કોન્સ્ટેબલથી ઉપરના હોદ્દા ધરાવતા પોલીસ અધિકારીઓને અધિકૃત કરાયા છે.

**૩૧ જુલાઈથી ૧૫ ઓગસ્ટ સુધી માછીમારી માટે જવા પર રોક: ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરાશે**

# ‘ગ્રીન રેલવે’ તરફ ભાવનગર મંડળની મોટી છલાંગ: 180 કિલોવોટપીકનો નવો સોલાર પ્લાન્ટ કરાયો કાર્યરત

**વાર્ષિક ૧૮૧ ટન કાર્બન ઉત્સર્જન ઘટશે અને રેલવેને થશે કરોડો રૂપિયાની બચત**



ભાવનગર,તા.૩૧

પર્યાવરણ સંરક્ષણ અને હરિત ઊર્જાને પ્રોત્સાહન આપવાની દિશામાં પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ સતત મહત્વપૂર્ણ પગલાં ભરી રહ્યું છે, જેના ભાગરૂપે મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માની પ્રેરણા તથા વરિષ્ઠ મંડળ વિદ્યુત ઈજનેર પ્રદીપ કુમાર ગુપ્તાના માર્ગદર્શન હેઠળ જુલાઈ ૨૦૨૬ દરમિયાન ભાવનગર મંડળમાં ૧૮૦ કિલોવોટ પીક (kWp) ક્ષમતાવાળા સોલાર ઊર્જા પ્લાન્ટનું સફળતાપૂર્વક કમિશનિંગ કરવામાં આવ્યું છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ આ અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે આ નવો સોલાર ઊર્જા પ્લાન્ટ કાર્યરત થતાં મંડળમાં સ્વચ્છ અને નવનીકરણીય ઊર્જાના ઉપયોગને નવી ગતિ મળશે, જેનાથી માત્ર વિદ્યુત ઊર્જાની બચત જ નહીં થાય પરંતુ પર્યાવરણ સંરક્ષણના પ્રયાસોને પણ બળ મળશે. આ પ્રોજેક્ટ દ્વારા દર વર્ષે અંદાજે ૧૮૧ ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થવાનો અંદાજ છે, જે હવામાન પરિવર્તનના પડકારોને પહોંચી વળવા તેમજ ટકાઉ વિકાસના લક્ષ્યો હાંસલ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ભાવનગર મંડળમાં અત્યાર સુધી કુલ ૨૬૩૦ કિલોવોટ પીક (ાઉ) ક્ષમતાવાળા સોલાર ઊર્જા પ્લાન્ટોનું સફળતાપૂર્વક સ્થાપન કરી દેવામાં આવ્યું છે અને આ પ્લાન્ટો દ્વારા દર વર્ષે અંદાજે ૩.૪૫ મિલિયન યુનિટ હરિત વિદ્યુત ઊર્જાનું ઉત્પાદન થશે, જેના પરિણામે મંડળને દર વર્ષે અંદાજે ?૨.૮૯ કરોડની મોટી આર્થિક બચત થવાનો અંદાજ છે. આ મહત્ત્વપૂર્ણ પહેલ ભારતીય રેલવેના હરિત ઊર્જા, ઊર્જા આત્મનિર્ભરતા અને પર્યાવરણ સંરક્ષણના લક્ષ્યોને સાકાર કરવાની દિશામાં ભાવનગર મંડળની પ્રતિબદ્ધતા દર્શાવે છે. પશ્ચિમ રેલવે હંમેશા ઊર્જા સંરક્ષણ, હરિત ટેક્નોલોજીના ઉપયોગ તથા પર્યાવરણમૈત્રી આધારભૂત સુવિધાઓના વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યું છે અને ભાવનગર મંડળમાં સ્થાપિત આ સોલાર પ્લાન્ટ ભારતીય રેલવેના "ગ્રીન રેલવે"ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં વધુ એક મજબૂત કદમ છે. આ અંગે મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ પણ જણાવ્યું કે ભાવનગર મંડળ ભવિષ્યમાં પણ નવનીકરણીય ઊર્જાના વ્યાપક ઉપયોગ, કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપતી નવીન યોજનાઓને સતત પ્રોત્સાહિત કરતું રહેશે, તેમજ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવી પહેલો ઊર્જા આત્મનિર્ભરતા મજબૂત બનાવવાની સાથે રેલવેના હરિત અને ટકાઉ વિકાસના લક્ષ્યોને નવી દિશા આપશે.

# સંત, ગ્રંથ અને સદગુરૂ જીવને શિવતત્વ સુધી પહોંચાડે છે - સીતારામ બાપુ

**શિવકુંજ આશ્રમ અધેવાડા ખાતે ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સાથે ઉજવાયો ગુરુપૂર્ણિમા મહોત્સવ**



ભાવનગર,તા.૩૧

ગુરુકૃપા ડુંગર જેવડી મુશ્કેલીને દૂર કરી શકે છે, દરેક ક્ષેત્રમાં ગુરુની જરૂર છે પરંતુ જીવનો સમય પાકે ત્યારે ગુરુ મળે. અધેવાડા ભાવનગર ખાતે ખૂબ જ ભાવપૂર્વક ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. સૌ ભક્તોએ પૂ.સંત સીતારામ બાપુના આશીર્વાદ મેળવ્યા . સવારના પહોરમાં ભવનાથ મહાદેવ ભુરખીયા હનુમાનજી અને વિઘ્નહર્તા ગણેશજીના મંદિર પર ધ્વજારોહણની વિધિ બાદ સત્યનારાયણ ભગવાનની કથા પૂજા કરવામાં આવી. વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ સુંદરકાંડ અને હનુમાન ચાલીસાથી ભક્તોએ વિશિષ્ટ ગુરુ પૂજા કરી હતી. ત્યારબાદ મહાપ્રસાદ લીધા પછી બપોરના ત્રણ કલાકે પોતાના સદગુરુ ના બાઢડા ગુરૂઆશ્રમે થી પધારીને પૂજ્ય સીતારામ બાપુએ સૌને ગુરુ દર્શન આપ્યા હતા . આ પ્રસંગે પૂજ્ય સીતારામ બાપુએ આશિર્વાદ આપતાં જણાવેલ કે,શિક્ષાગુરૂ અનેક હોઈ શકે પણ દીક્ષા ગુરુ એક જ હોય છે. સદગુરૂ પારસમણી સમાન છે તેના સંત્સંગથી પામર મનુષ્ય પણ પવિત્ર અને મહાન બની શકે છે. જીવનમાં ગુરુ વિના પ્રભુપ્રાપ્તિ થતી નથી. ગુરૂ તત્વનું મુલ્ય કદી થઈ શકે નહી અને ગુરૂના ૠણમાંથી કદી પણ છુટી શકાય નહી . પ્રભુએ અવતાર ધારણ કર્યા ત્યારે ગુરૂના પૂજનથી ધન્ય બન્યા હતા. સૌએ ગુરૂના વચન પર વિશ્વાસ રાખી ભવસાગર પાર થવું જોઈએ. વર્તમાન સમયમાં "પાની પીના છાનકે ગુરુ કરતા જાનકે " મતલબ કે અનુભવી અને ભજનાનંદી ગુરૂ મળવા મુશ્કેલ છે. અને મળી જાય તો બેડો પાર થઈ જાય છે. આજના દિવસે બાપુએ જણાવ્યું કે ગુરુકૃપા ડુંગર જેવડી મુશ્કેલીને દૂર કરી શકે છે. દરેક ક્ષેત્રમાં ગુરુની જરૂર છે પરંતુ જીવનો સમય પાકે ત્યારે ગુરુ મળે છે. કામ ક્રોધ અને લોભ એ ગુરુકૃપાથી શાંત કરી શકાય છે. પૂ. રામેશ્વરાનંદમયી માતાજી અને વરૂણાનંદમયી માતાજીએ ગુરુવાણીનો લાભ સ્તુતી અને સ્ત્રોત્રગાનથી સૌને આપ્યો હતો . તેમના દ્વારા સૌ પ્રથમ ગુરુ પૂજા પછી સૌએ ગુરુ વંદના કરી હતી તેમજ સાંજના શિવકુંજધામે શિવમહિમ્ન નો પાઠ , રામ સ્તુતિ અને હનુમાન ચાલીસા કરીને મહા આરતી કરી હતી તેમજ દીપમાળ પણ કરવામાં આવી હતી ખુબ જ વિશાળ સંખ્યામાં સૌએ હાજર રહીને ગુરુપૂજનનો અનન્ય લાભ મેળવ્યો હતો.

# કાળુભા રોડ પર પશુપાલકોના ઘરેથી નોંધણી વગરની ૧૯ ગાયો પકડાઈ

**RFID રીડરથી તપાસ કરી ૨૫ ગાયો ઢોર ડબ્બે પુરાઈ: સાધારણ સભામાં પ્રશ્ન ઉઠ્યા બાદ મ્યુ. તંત્રની ઐતિહાસિક કાર્યવાહી**

ભાવનગર,તા,૩૧

ભાવનગર શહેરમાં રખડતા ઢોરની સમસ્યાને ઉકેલવા મહાનગરપાલિકાના પશુ ત્રાસ નિયંત્રણ વિભાગે કડક ઝુંબેશ શરૂ કરી છે. જેના ભાગરૂપે પ્રથમવાર નોંધણી વગરના પશુઓને પશુપાલકોના ઘરેથી જઈને પકડવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

કાળુભા રોડ પર રસોઈ હોટલ પાછળ આવેલા ૭ આવાસમાં મનપાની ટીમે RFID રીડર મશીન સાથે રાખીને તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ટેગિંગ કે નોંધણી વિનાની ૧૯ ગાયો મળી આવતા પોલીસ બંદોબસ્ત વચ્ચે તેમને પકડી ઢોર ડબ્બે પૂરી દેવાઈ હતી. ઉપરાંત, આ જ રોડ પરથી અડીગો જમાવીને બેઠેલી અન્ય ૬ ગાયોને પણ પકડવામાં આવી હતી. પશુપાલકોએ ફરજિયાત લાઈસન્સ મેળવી પશુઓની નોંધણી કરાવી કાનમાં ટેગ લગાવવી પડે છે. પશુપાલકોના વિરોધ વચ્ચે મનપાની આ કાર્યવાહીથી કડક સંદેશો ગયો છે અને આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં મહાપાલિકાની સાધારણ સભામા પણ રખડતા ઢોરની સમસ્યા અંગે અવાજ ઉઠ્યો હતો, બાદમાં આખરે મ્યુ. તંત્રએ કડક કાર્યવાહી કરી છે.

# ખોટા દસ્તાવેજો બનાવી છેતરપિંડી આચરનાર ફરાર આરોપી હરિયાણાથી ઝડપાયો

ભાવનગર,તા.૩૧

ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડે ખોટા દસ્તાવેજો બનાવી છેતરપિંડી આચરવાના ગુનામાં છેલ્લા ૭ વર્ષથી નાસતા-ફરતા આરોપી મુકેશભાઈ સુરજભાણ મલીક (ઉ.વ. ૩૨, રહે. સોનીપત, હરિયાણા)ને ઝડપી પાડ્યો છે. પોલીસને ટેકનીકલ તથા હ્યુમન સોર્સથી બાતમી મળી હતી કે, ઉમરાળા પોલીસ સ્ટેશનમાં ૨૦૧૯માં નોંધાયેલા ગુનાનો આરોપી હરિયાણાના મુરથલ ચોકડી ખાતે ટ્રક ડ્રાઈવિંગ કરે છે.પોલીસ ટીમે હરિયાણા પહોંચી આરોપીને દબોચી લીધો હતો અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી ગંગાજળિયા પોલીસ સ્ટેશન ખાતે સોંપ્યો છે.

**ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડની મોટી સફળતા**

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

# લોકશાહીનો નવો અધ્યાય

ભારતીય સંસદના ચાલુ ચોમાસુ સત્રની આજની કાર્યવાહી દેશની વિધાન પ્રક્રિયા માટે એક અભૂતપૂર્વ ઘટના બની રહી છે, કારણ કે લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોએ એક સાથે ત્રણ ઐતિહાસિક વિધેયકોને મંજૂરી આપી છે, જે ન્યાયતંત્રની કાર્યક્ષમતા, શૈક્ષણિક પ્રણાલીની પવિત્રતા અને ઉદ્યોગોના પાયાના સ્તંભને મજબૂત કરવાના છે, અને આ દિવસે થયેલી ચર્ચાઓએ સરકાર અને વિપક્ષ બંનેની સક્રિય ભાગીદારીને પ્રતિબિંબિત કરી છે, જે લોકશાહીના જીવંત સ્વરૂપને દર્શાવે છે.ન્યાયિક ક્ષેત્રે લાંબા સમયથી ચાલતી વિલંબની સમસ્યાને ધ્યાનમાં રાખીને સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવાનો જે સુધારો રજૂ કરવામાં આવ્યો છે, તે દેશની ન્યાય પ્રણાલીને વધુ સુલભ અને ગતિશીલ બનાવવાની દિશામાં એક નિર્ણાયક કદમ છે, કારણ કે વિશાળ વસ્તી ધરાવતા આ દેશમાં અદાલતોમાં કેસોનો વધતો ડુંગર સામાન્ય નાગરિકો માટે ન્યાય મેળવવાને એક અઘરી પ્રક્રિયા બનાવી દે છે, અને હવે ન્યાયાધીશોની સંખ્યા વધવાથી કેસોની સુનાવણી ઝડપી થવાની સંભાવના છે, તો પણ આ પરિવર્તન સાથે ન્યાયાધીશોની નિમણૂકની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા અને નિષ્પક્ષતા જાળવવી અત્યંત જરૂરી છે, કારણ કે ન્યાયિક સ્વતંત્રતા કોઈ પણ લોકશાહીનો મૂળભૂત આધારસ્તંભ છે, અને તેની સાથે કોઈ પણ પ્રકારની સમાધાન થવી જોઈએ નહીં.શૈક્ષણિક ક્ષેત્રમાં તાજેતરના વર્ષોમાં પરીક્ષાઓના પ્રશ્નપત્રો લીક થવાના જે બનાવો બન્યા છે, તેણે સમગ્ર શિક્ષણ પ્રણાલીની વિશ્વસનીયતા પર ગંભીર આઘાત પહોંચાડ્યો છે, અને તાજેતરમાં દ્રઈઈ્-ટ ૨૦૨૬ની પરીક્ષાના પેપર લીક કેસમાં સીબીઆઈએ જે તપાસ હાથ ધરી હતી, તેમાં એક વ્યાપક કાવતરું બહાર આવ્યું છે, જેમાં દેશના અનેક રાજ્યોમાં પ્રશ્નપત્રોની હેરાફેરી કરવામાં આવી હતી, અને આ કાવતરામાં કોચિંગ સંસ્થાઓના સંચાલકો, વિષય નિષ્ણાતો, અને મધ્યસ્થીઓ સામેલ હોવાનું સામે આવ્યું છે, આથી આ ગંભીર સમસ્યાનો સામનો કરવા માટે સરકારે એક નવો કાયદો લાવ્યો છે, જે પેપર લીક માટે સજા અને દંડમાં નોંધપાત્ર વધારો કરે છે, વિશેષ તપાસ ટીમોની રચના કરે છે, અને ઝડપી સુનાવણી માટે વિશેષ અદાલતોની સ્થાપના કરે છે, જે આ દિશામાં એક સ્વાગતપાત્ર પહેલ છે, કારણ કે શિક્ષણ ક્ષેત્રની અખંડિતતા જાળવવી એ રાષ્ટ્રના યુવાન ભવિષ્ય માટે અત્યંત મહત્વનું છે, અને જેઓ વિદ્યાર્થીઓના સપનાઓ સાથે રમત કરે છે, તેમને કડકમાં કડક સજા કરવી જ જોઈએ.આ વિધેયક પર લગભગ દસ કલાકથી વધુ સમય ચાલેલી ચર્ચા દરમિયાન વિરોધ, સ્થગન અને તીવ્ર દલીલો જોવા મળી, ખાસ કરીને વિપક્ષે રાજધાની દિલ્હીમાં વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહીના મુદ્દે સરકારની ખૂબ સખત ટીકા કરી, પરંતુ લોકતંત્રમાં વિવિધ મતોનો આવો સામનો સ્વાભાવિક અને આવશ્યક છે, તેમ છતાં જ્યારે દેશહિતના પ્રશ્નો હોય, ત્યારે તમામ રાજકીય પક્ષોએ એકસૂત્રતા દાખવવી જોઈએ, કારણ કે પરીક્ષા ગેરરીતિ સામેનો કડક કાયદો કોઈ પણ એક પક્ષનો નહીં પણ આખા દેશના કરોડો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોના ભવિષ્ય સાથે સંબંધિત છે.

# ધરતીએ ધારણ કર્યો કુદરતનો યુનિફોર્મ !



ફ્રાઈડે ફોટો સ્ટોરી

-અમુલ પરમાર

આકાશમાંથી જેવી વરસાદની હેલી વરસી, કે ધરતી માઁ તરત જ લીલી ઓઢણી ઓઢે તેવાજ જીવજંતુ, ઢોર-ઢાંખર, પશુ- પંખી, વનરાજીઓ વગેરે ગેલમાં આવી જાય છે.ખેડૂતો વાવણીમાં લાગી જાય છે.ઢોર-ઢાંખર વાળાને સીમને બદલે ઘર આંગણે ચારો મળી રહે છે.ઘરના આંગણાના લીબંડે ખુલ્લી જમીન ભાળીને ઘેટા- બકરા આરામ ફરમાવી રહ્યા છે. ધરતીએ લીલો અને આકાશે ભૂરો રંગ કોઈ સ્કૂલના છોકરાઓની જેમ યુનિફોર્મ ધારણ કર્યા હોય તેવું લાગે છે.આંખોને ગમે તેવુ સુંદર દ્રશ્ય થઈ ગયુ છે.

# તમાલપત્ર ડાયાબીટીસમાં ઉપયોગી

હેલ્થ ટીપ્સ



તમાલ પત્ર પર કરાયેલા અભ્યાસમાં જણાયું છે કે તેનાથી ડાયાબીટીસના દરદીઓમાં લોહીમાં ગ્લુકોઝનું સ્તર, એલડીએલ અથવા ખરાબ કોલેસ્ટેરોલ અને કુલ કોલેસ્ટેરોલના સ્તર ઘટી શકે છે તેમજ એચડીએલના સ્તરમાં વધારો થઈ શકે છે. તમાલ પત્રમાં ફ્લેવોનોઈડ્સ જેવા ડાયાબીટીક વિરોધી ઘટકોને કારણે આવું શક્ય બને છે.

અભ્યાસમાં વધુ જણાયું છે કે ૩૦ દિવસ માટે રોજ ૧થી ૩ ગ્રામ તમાલ પત્ર ખાવામાં આવે તો તે ડાયાબીટીસના દરદીઓ માટે લાભદાયી સાબિત થઈ શકે છે. આ પાન ખાવાનું બંધ કર્યા બાદ પણ તેની અસર ૧૦ દિવસ સુધી રહી શકે છે જે ગ્લુકોઝના સ્તર પર તેની લાંબા ગાળાની અસર સાબિત કરે છે.

તમાલ પત્ર ગ્લાયકેમિક પ્રતિસાદ નબળો પાડે છે

ગ્લાયકેમિક પ્રતિસાદ એટલે અમુક ખોરાક ખાધા પછી લોહીમાં ગ્લુકોઝના સ્તર પર પડતી અસર. એક અભ્યાસ મુજબ જે કૂકીઝમાં છ ટકા હિસ્સો તમાલ પત્ર હોય છે તે ખાવામાં તો સ્વાદિષ્ટ હોય જ છે પણ સાથે ડાયાબીટીસના દરદીમાં ગ્લાયકેમિક પ્રતિસાદને પણ નબળો પાડે છે. એનાથી ભૂખ ઓછી થાય છે, આંતરડા તંદુરસ્ત બને છે અને ખોરાક ખાધા બાદ થતો બ્લડ સુગરના સ્તરમાં ઉછાળો નથી આવતો. આથી દરરોજના ભોજનમાં એક તમાલ પત્ર અથવા તેનો પાવડર ઉમેરવાથી તેની સમાન અસર થાય છે અને ડાયાબીટીસના દરદીઓને લાભ થાય છે તેમજ સામાન્ય લોકોમાં ડાયાબીટીસને અટકાવી શકે છે.

ઈન્સ્યુલીન સ્રાવનું નિયંત્રણ કરે છે.શરીરમાં રહેલા ફ્રી રેડિકલ્સ સ્વાદુપિંડના બેટા સેલ્સને નુકસાન પહોંચાડી શકે છે અને તેનાથી હાઈપરગ્લાઈકેમિયા થઈ શકે છે. સ્વાદુપિંડમાં ઈન્સ્યુલીન બને છે જે સમગ્ર શરીરમાં ગ્લુકોઝના સ્તરનું નિયંત્રણ કરે છે. જ્યારે આ સ્વાદુપિંડના બેટા સેલ્સ નાશ પામે છે ત્યારે ઈન્સ્યુલીનનું ઉત્પાદન ઘટે છે. તમાલ પત્ર ક્ષતિગ્રસ્ત બેટા સેલ્સમાં ઈન્સ્યુલીન ઉત્પન્ન કરી શકે છે જેના કારણે લોહીમાં સુગરનું સ્તર નિયંત્રિત થઈ શકે છે. ઉપરાંત તેના એન્ટીઓક્સીડન્ટ ઘટકો પણ ફ્રી રેડિકલ્સથી સ્વાદુપિંડને થતું નુકસાન અટકાવે છે.ડાયાબીટીસમાં થતા કોમ્પ્લીકેશન અટકાવી શકે અનિયંત્રિત ડાયાબીટીસથી શરીરના ચેતના તંત્ર, હૃદય, આંખ અને કીડનીને નુકસાન થાય છે. તમાલ પત્ર જેવા પરંપરાગત ઔષધોમાં ટ્રીટરપેનોઈડ્સ, યુજેનોલ અને લિનાલૂલ જેવા ઘટકો હોય છે જે શરીરમાં એન્ટીઓક્સીડન્ટનો વધારો કરે છે. ઉપરાંત ઈન્સ્યુલીનની તંગી અને સોજા તેમજ બળતરા કરતા કારણો પર તેની સકારાત્મક અસર પડે છે. જ્યારે ડાયાબીટીસનું યોગ્ય રીતે નિયંત્રણ થાય છે ત્યારે આવા કોમ્પ્લીકેશન થવાની શક્યતા આપમેળે ઓછી થઈ જાય છે.અન્ય ડાયાબીટીસ વિરોધી ઔષધો કરતા ચડિયાતા છે.ડાયાબીટીસ વિરોધી અસર ધરાવતા કટેલાક સામાન્ય ઔષધો અને મસાલા પર કરાયેલા એક અભ્યાસમાં જણાયું હતું કે માત્ર તમાલ પત્ર, લિકરાઈઝ અને થાઈમમાં જ એવા મહત્વના ઘટકો હોય છે જે મુખ્ય ડાયાબીટીક વિરોધી અસર, ગ્લુકોઝ અને કોલેસ્ટેરોલના સ્તરમાં ઘટાડા માટે જવાબદાર શરીરના કોષોના તમામ ૧૮ પ્રોટીન પર અસર કરે છે.

# ઈ-૨૦ પેટ્રોલ : પર્યાવરણ માટે લાભદાયક પરંતુ વાહનમાલિકો માટે પડકાર

ભારતમાં પ્રદૂષણ ઘટાડવા, પેટ્રોલિયમની આયાત પરનો ખર્ચ ઓછો કરવા અને ખેડૂતોને શેરડી તથા અન્ય પાકમાંથી બનતા ઈથેનોલ માટે વધુ બજાર મળે તે હેતુથી કેન્દ્ર સરકારે ઈ-૨૦ પેટ્રોલનો અમલ ઝડપી ગતિએ શરૂ કર્યો છે. આજના સમયમાં દેશના મોટા ભાગના પેટ્રોલ પંપ પર ઈ-૨૦ પેટ્રોલ ઉપલબ્ધ છે અને નવી કારોના ઉત્પાદકો પણ ઈ-૨૦ સુસંગત વાહનો બજારમાં મૂકી રહ્યા છે. પરંતુ બીજી તરફ કેટલાક વાહનમાલિકોએ ફરિયાદ કરી છે કે ઈ-૨૦ પેટ્રોલનો ઉપયોગ કર્યા પછી એન્જિનમાં ખામી, માઈલેજમાં ઘટાડો, સ્ટાર્ટિંગની મુશ્કેલી અને અન્ય ટેકનિકલ સમસ્યાઓ જોવા મળી રહી છે. આવી જ એક ફરિયાદના આધારે ગ્રાહક ફોરમે તાજેતરમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપીને કાર ઉત્પાદક કંપનીને ગ્રાહકને નવી કાર આપવા અથવા આશરે વીસ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ ચુકાદાએ ઈ-૨૦ પેટ્રોલ અંગે દેશભરમાં નવી ચર્ચા જગાવી છે.આ ઘટના માત્ર એક ગ્રાહકની જીત નથી, પરંતુ ઉત્પાદકો, પેટ્રોલિયમ કંપનીઓ અને ગ્રાહકો માટે પણ એક મહત્વનો સંદેશ છે કે નવી ટેકનોલોજીનો અમલ થાય ત્યારે તેની સંપૂર્ણ માહિતી, યોગ્ય માર્ગદર્શન અને તકનીકી તૈયારી પણ એટલી જ જરૂરી છે. જો નવી નીતિ સાથે લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તો જ તેનો લાંબા ગાળે સફળ અમલ શક્ય બને.

ઈ-૨૦ પેટ્રોલ શું છે? તે આજની તારીખે મોટાભાગના લોકો જાણતા નથી તો આ ટેકનિકલ માહિતી જાણવી પણ એટલી જ જરૂરી છે જનજાગૃતિ માટે આ વસ્તુ અત્યંત આવશ્યક છે.

કોઈપણ ટેકનોલોજી નો ઉપયોગ કરતા પહેલા તે ટેકનોલોજીનો અભ્યાસ કરવો અને તેનો કઈ રીતે અમલ કરવો તે જાણવું પણ એટલું જ જરૂરી છે.

ઈ-૨૦ પેટ્રોલ એટલે એવું ઈંધણ જેમાં ૨૦ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા સામાન્ય પેટ્રોલનું મિશ્રણ હોય છે. ઈથેનોલ એક પ્રકારનું આલ્કોહોલ આધારિત બાયો-ફ્યુઅલ છે, જે મુખ્યત્વે શેરડીના રસ, મોલાસિસ, મકાઈ અને અન્ય કૃષિ પાકોમાંથી બનાવવામાં આવે છે. આ ઈંધણને પર્યાવરણ માટે વધુ અનુકૂળ માનવામાં આવે છે કારણ કે તેના ઉપયોગથી કાર્બન ઉત્સર્જન ઓછું થાય છે અને પેટ્રોલિયમ પરની નિર્ભરતા પણ ઘટે છે.

**ઈ-૨૦ એટલે પેટ્રોલમાં કુદરતી સ્ત્રોતમાંથી બનતું ઇંધણ ભેળવીને તૈયાર કરાયેલું મિશ્રણ. તેનો મુખ્ય હેતુ પેટ્રોલની બચત કરવાનો અને પ્રદૂષણ ઘટાડવાનો છે.**

સરળ ભાષામાં સમજીએ તો ઈ-૨૦ એટલે પેટ્રોલમાં કુદરતી સ્ત્રોતમાંથી બનતું ઈંધણ ભેળવીને તૈયાર કરાયેલું મિશ્રણ. તેનો મુખ્ય હેતુ પેટ્રોલની બચત કરવાનો અને પ્રદૂષણ ઘટાડવાનો છે. ભારત દર વર્ષે કરોડો રૂપિયાનું ક્રૂડ ઓઈલ આયાત કરે છે. જો પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધે તો આયાતમાં ઘટાડો થાય છે અને દેશનું વિદેશી ચલણ પણ બચે છે.

ઈથેનોલના ઉપયોગથી ખેડૂતોને પણ સીધો લાભ મળે છે. શેરડી અને અન્ય પાકોની માંગ વધે છે, જેના કારણે કૃષિ ક્ષેત્રને નવી આવકના રસ્તા મળે છે. એટલા માટે સરકારે વર્ષોથી ઈથેનોલ મિશ્રણની ટકાવારી ધીમે ધીમે વધારવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે.

જો કે દરેક વાહન ઈ-૨૦ માટે તૈયાર હોય એવું નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં બનેલા ઘણા નવા મોડેલો ઈ-૨૦ સુસંગત છે, પરંતુ જૂના વાહનોમાં તેના ઉપયોગ પહેલાં ઉત્પાદક કંપનીની માર્ગદર્શિકા જોવી જરૂરી બને છે. યોગ્ય માહિતી વગર ઈંધણ બદલવાથી કેટલીકવાર તકનીકી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.એન્જિન બગડવાના મુખ્ય કારણો કંપનીના સર્વિસ એન્જિનિયરો અને રીપેર કરનારાઓ જાણે છે પરંતુ આ પૂરતું નથી જે લોકોએ કાર વસાવી છે તેને પણ આ બાબતનું સામાન્ય ન લેજો હોવું જરૂરી છે

ઈ-૨૦ પેટ્રોલને કારણે દરેક વાહનનું એન્જિન બગડે એવું માનવું યોગ્ય નથી. હકીકતમાં અનેક કારણો એકસાથે જવાબદાર હોઈ શકે છે.

સૌથી મહત્વનું કારણ વાહનની ડિઝાઈન છે. જો એન્જિન ઈ-૨૦ માટે તૈયાર ન હોય તો ઈથેનોલના ગુણધર્મોને કારણે રબરની પાઈપ, ગાસ્કેટ અથવા ઈંધણ પ્રણાલીના કેટલાક

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

ભાગો પર અસર પડી શકે છે.

ઈથેનોલમાં ભેજ ખેંચવાની ક્ષમતા વધારે હોય છે. લાંબા સમય સુધી વાહનનો ઉપયોગ ન થાય તો ઈંધણમાં પાણીનું પ્રમાણ વધીને દહન પ્રક્રિયા પર અસર કરી શકે છે.

ખરાબ ગુણવત્તાનું પેટ્રોલ અથવા ઈંધણમાં અન્ય પ્રકારની ભેળસેળ પણ એન્જિનને નુકસાન પહોંચાડી શકે છે. આવી સ્થિતિમાં માત્ર ઈ-૨૦ને જવાબદાર ઠેરવવું યોગ્ય નથી.

સમયસર સર્વિસ ન કરાવવી, એર ફિલ્ટર, સ્પાર્ક પ્લગ, ફ્યુઅલ ફિલ્ટર અથવા ઈન્જેક્ટરની યોગ્ય જાળવણી ન થવી પણ એન્જિનની કામગીરીને અસર કરે છે.

ખોટી ડ્રાઈવિંગની આદતો, સતત ઓવરલોડ, લાંબા સમય સુધી ઊંચા આરપીએમ પર વાહન ચલાવવું અને ઉત્પાદક કંપની દ્વારા સૂચવેલ મેન્ટેનન્સ ન કરાવવું પણ એન્જિનના આયુષ્યને ઘટાડે છે.ગ્રાહક ફોરમનો ચુકાદો કેમ મહત્વનો છે? ૨૩ દેશભરમાં ચર્ચા ચાલી રહી છે જે ચુકાદો આપ્યો છે તેને તમામ લોકોએ વધાવી લીધો છે

તાજેતરના કેસમાં ગ્રાહક ફોરમે ગ્રાહકની ફરિયાદને ગંભીરતાથી સાંભળી હતી. ગ્રાહકનો દાવો હતો કે ઈ-૨૦ પેટ્રોલનો ઉપયોગ કર્યા પછી વાહનમાં વારંવાર ગંભીર ખામી ઊભી થઈ હતી. કંપનીએ વાહન સંપૂર્ણપણે ઈ-૨૦ માટે યોગ્ય હોવાનું જણાવ્યું હતું, છતાં સમસ્યા યથાવત રહી હતી. તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ફોરમે ગ્રાહકના હિતમાં ચુકાદો આપ્યો.

આ ચુકાદો બતાવે છે કે જો ઉત્પાદક કંપની કોઈ દાવો કરે તો તે દાવાને વ્યવહારિક રીતે પણ સાચો સાબિત કરવાની જવાબદારી તેની રહે છે. ગ્રાહકને યોગ્ય માહિતી, યોગ્ય સેવા અને જરૂરી હોય ત્યાં યોગ્ય વળતર મળવું જોઈએ.

પર્યાવરણ અને અર્થતંત્ર માટે ઈ-૨૦ના ફાયદા અનેક છે. પર્યાવરણને ફાયદો થાય સાથે-સાથ ઈંધણની બચત થાય એટલે વ્યક્તિગત લાભ પણ છે અને રાષ્ટ્રને પણ લાભ છે કારણ કે ઈંધણ બચાવવું જરૂરી છે.




ઈ-૨૦ પેટ્રોલના અનેક લાંબા ગાળાના લાભો છે. તેનાથી ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન ઘટે છે અને હવામાં પ્રદૂષણ ઓછું થાય છે. પેટ્રોલિયમની આયાતમાં ઘટાડો થવાથી દેશની અર્થવ્યવસ્થાને મજબૂતી મળે છે. ખેડૂતોને ઈથેનોલ માટે વધારાનું બજાર મળે છે અને કૃષિ આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન મળે છે. ઊર્જાના સ્થાનિક સ્ત્રોતોનો ઉપયોગ વધે છે અને ઊર્જા સુરક્ષા પણ મજબૂત બને છે.

દરેક સમસ્યાને એનું સમાધાન હોય છે આ ટેકનિકલ સમસ્યાનો પણ સમાધાન છે અહીં મહત્વની વસ્તુ એ છે કે સમસ્યાનું સમાધાન શું હોઈ શકે? આ સમગ્ર મુદ્દાનો ઉકેલ સરકાર, વાહન ઉત્પાદકો, પેટ્રોલિયમ કંપનીઓ અને ગ્રાહકોના સંયુક્ત પ્રયાસોથી જ શક્ય છે.સૌપ્રથમ દરેક વાહન પર સ્પષ્ટ રીતે દર્શાવવું જોઈએ કે તે ઈ-૨૦ માટે સંપૂર્ણપણે સુસંગત છે કે નહીં. ગ્રાહકને વાહન ખરીદતી વખતે લેખિત માહિતી આપવામાં આવવી જોઈએ.વાહન ઉત્પાદકોએ ઈ-૨૦ માટે વધુ મજબૂત ઈંધણ પ્રણાલી અને લાંબા ગાળાના પરીક્ષણો કરવા જોઈએ જેથી ગ્રાહકોનો વિશ્વાસ વધે.

પેટ્રોલ પંપ પર ઈંધણની ગુણવત્તાની નિયમિત ચકાસણી થવી જોઈએ અને ભેળસેળ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.સરકારે જૂના વાહનમાલિકો માટે માર્ગદર્શિકા જાહેર કરવી જોઈએ કે કયા વાહનમાં ઈ-૨૦નો ઉપયોગ સુરક્ષિત છે અને કયા વાહનમાં સાવચેતી રાખવી જરૂરી છે.ગ્રાહકોએ પણ સમયસર સર્વિસ કરાવવી, ઉત્પાદક કંપનીની સલાહનું પાલન કરવું અને કોઈ અસામાન્ય અવાજ, ધુમાડો અથવા કામગીરીમાં ફેરફાર જણાય તો તરત જ અધિકૃત સર્વિસ સેન્ટરનો સંપર્ક કરવો જોઈએ.

જો કોઈ વાહનમાં સતત એકસરખી સમસ્યા આવે તો તેના તમામ સર્વિસ રેકોર્ડ, બિલ અને ફરિયાદોની વિગતો સાચવી રાખવી જોઈએ જેથી જરૂર પડે ત્યારે ગ્રાહક કાનૂની રીતે પોતાનો હક મેળવી શકે.

સંતુલિત અભિગમ જ સફળતાની ચાવી છે અહીં વસ્તુ લાગુ પડે છે કે.ઈ-૨૦ પેટ્રોલ ભારતના ઊર્જા ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન છે. તેના પર્યાવરણીય અને આર્થિક લાભોને અવગણી શકાય તેમ નથી. પરંતુ નવી ટેકનોલોજીનો સફળ અમલ ત્યારે જ શક્ય બને જ્યારે તેની સાથે ગુણવત્તા, પારદર્શિતા અને ગ્રાહક સુરક્ષાને પણ સમાન મહત્વ આપવામાં આવે. તાજેતરનો ગ્રાહક ફોરમનો ચુકાદો એ યાદ અપાવે છે કે વિકાસ માત્ર નવી નીતિઓથી નહીં, પરંતુ જવાબદારીપૂર્વકના અમલથી થાય છે.

જો સરકાર, પેટ્રોલિયમ કંપનીઓ, વાહન ઉત્પાદકો અને ગ્રાહકો વચ્ચે વિશ્વાસપૂર્ણ સહકાર જળવાઈ રહેશે, તો ઈ-૨૦ પેટ્રોલ ભારતને સ્વચ્છ પર્યાવરણ, મજબૂત અર્થતંત્ર અને આત્મનિર્ભર ઊર્જા તરફ આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકશે. નવી ટેકનોલોજીનો સ્વીકાર જરૂરી છે, પરંતુ તેની સાથે યોગ્ય માહિતી, વૈજ્ઞાનિક પરીક્ષણ અને ગ્રાહકોના હિતોનું રક્ષણ પણ એટલું જ આવશ્યક છે. આમ થશે તો ઈ-૨૦ માત્ર એક નવું ઈંધણ નહીં, પરંતુ ભારતના હરિત ભવિષ્યનો મજબૂત આધાર બની શકશે.

# રેગિંગ કાંડમાં આખરે ઓર્થોપેડિક એચઓડી સસ્પેન્ડ, તબીબી અધિક્ષક સહિતના અધિકારીઓ ચાર્જમુક્ત

## આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની લાલ આંખ: સર ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં મોટી કાર્યવાહી




ભાવનગર,તા.૩૧
ભાવનગરની સર.ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓનું રેગિંગ અને કામગીરીમાં ગંભીર ક્ષતિઓ સામે આવતા રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ યોજેલી સમીક્ષા બેઠકના અંતે તબીબી આલમમાં મોટી કાર્યવાહી કરી છે. બેઠક બાદ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર હંમેશાં નાગરિકોના હિતમાં કાર્ય કરે છે, તેથી વિદ્યાર્થીઓનું રેગિંગ તેમજ નાગરિકોના સ્વાસ્થ્ય સાથેના કોઈપણ પ્રકારના ચેડાં ચલાવી લેવામાં આવશે નહીં.

આ બેઠક દરમિયાન મંત્રીએ અત્યંત કડક વલણ અપનાવીને સર.ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજના જવાબદાર તબીબો સામે તાત્કાલિક પગલાં ભરવાના આદેશ આપ્યા હતા. જેના ભાગરૂપે હોસ્પિટલના તબીબી અધિક્ષક તરીકેનો વધારાનો હવાલો ધરાવતા ડૉ. અશોક વાળાને ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે અને તેમની જગ્યાએ ડૉ. કેરવી દેસાઈને તબીબી અધિક્ષકનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

આ ઉપરાંત ઓર્થોપેડિક વિભાગના વડા ડૉ. વિનોદ ગૌતમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા છે. મેડિકલ કોલેજના એડિશનલ ડીન તરીકે ફરજ બજાવતા ડૉ. અમિત પરમારને એડિશનલ ડીનના ચાર્જમાંથી તેમજ PMSSY બિલ્ડીંગના નોડલ ઓફિસર ડૉ. સમીર શાહને પણ તેમના ચાર્જમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા છે. તદુપરાંત, ઓર્થોપેડિક વિભાગમાં ૧૧ માસના કરાર પર ફરજ બજાવતા પ્રોફેસર ડૉ. પિનાકીન વોરાની સેવાઓ તાત્કાલિક અસરથી સમાપ્ત કરી દેવાનો આદેશ અપાયો છે. તંત્ર દ્વારા લેવાયેલા આ કડક પગલાંથી મેડિકલ આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૯૪/૨૦૨૬**

**શ્રી દેવચંદભાઈ કરશનભાઈ ઝાલાવાડીયા**
**રહે, દુધાળા, તા.પાલીતાણા.........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી,દુધ ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.દુધાળા,તા.પાલીતાણા, જિ:ભાવનગર........ સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી દેવચંદભાઈ કરશનભાઈ ઝાલાવાડીયાનો પુત્ર મહેશકુમાર દેવચંદભાઈ ઝાલાવાડીયાનો જન્મ તા.૦૧/૧૨/૧૯૭૮ના રોજ મોજે.દુધાળા,તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી,દુધાળા ગ્રામ પંચાયત કચેરી,મુ.દુધાળા, તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૪/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૯૭/૨૦૨૬**

**શ્રી જુણેજા કાળુભાઇ ઉમરભાઈ**
**રહે.નવાગઢ શેરી,નવાગઢ, પાલીતાણા.........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા**
**તા.પાલીતાણા, જિ.ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી જુણેજા કાળુભાઈ ઉમરભાઈનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૯ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૪/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૨૩૫/૨૦૨૫**

**શ્રી ગોરધનભાઈ જીણાભાઇ પરમાર**
**રહે.વિરપુર (પાલી),તા.પાલીતાણા........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી,આંકોલાળી ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.આંકોલાળી,તા.પાલીતાણા, જિ:ભાવનગર...... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે મરણ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ગોરધનભાઈ જીણાભાઈ પરમારના ભાભી ચંપાબેન કાનજીભાઈ પરમાર તે ગુજ.કાનજીભાઈ જીણાભાઈ પરમાર ના પત્નીનું અવસાન તા.૦૫/૦૨/૨૦૦૦ના રોજ મોજે આંકોલાળી,તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના ભાભીના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના ભાભીના અવસાન અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી,આંકોલાળી ગ્રામ પંચાયત કચેરી,મુ.આંકોલાળી,તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૬/૧૨/૨૦૨૫
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૯૩/૨૦૨૬**

**શ્રી ભરતભાઇ મકનભાઈ ધંધુકીયા**
**રહે જામવાળી,તા.પાલીતાણા........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી,જામવાળી ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.જામવાળી,તા.પાલીતાણા, જિ.ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ભરતભાઈ મકનભાઈ ધંધુકીયાનો પુત્ર ધંધુકીયા વિવેકભાઈ ભરતભાઈનો જન્મ તા. ૦૩/૦૮/૨૦૦૭ના રોજ મોજે.જામવાળી, તા. પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી,જામવાળી ગ્રામ પંચાયત કચેરી,મુ.જામવાળી,તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૭/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૮૯/૨૦૨૬**

**શ્રી પ્રવિણાબેન રમેશભાઈ આચાર્ય**
**તે લાભશંકરભાઇ હરીરામજીભાઈ આચાર્ય (દેવમુરારી)ના પુત્રી**
**રહે પ્લોટ નં.૧૯૯, આખલોલ જકાતનાકા પાસેપાસે, ફુલસર, ભાવનગર........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા**
**તા.પાલીતાણા, જિ.ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી પ્રવિણાબેન રમેશભાઈ આચાર્ય તે લાભશંકરભાઈ હરીરામજીભાઈ આચાર્ય(દેવમુરારી)ના પુત્રીનો જન્મ તા.૨૫/૦૩/૧૯૫૯ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૭/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૦૮/૨૦૨૬**

**શ્રી લશ્કરભાઇ ઓધાભાઈ ગોહિલ**
**રહે.પીપરડી-૨,તા.પાલીતાણા.........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી,પીપરડી ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.પીપરડી, તા.પાલીતાણા, જિ:ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી લશ્કરભાઈ ઓધાભાઈ ગોહિલના પુત્રી ગોહિલ સજ્જનબેન લશ્કરભાઈનો જન્મ તા.૧૨/૦૮/૨૦૦૯ના રોજ મોજે.પીપરડી-૨, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના પુત્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, પીપરડી ગ્રામ પંચાયત કચેરી,મુ.પીપરડી, તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૨૦/૦૨/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - મહુવાની કોર્ટમાં**
**રજી નં.૧૮૫/૨૦૨૬**

**અપીલકર્તાના વિ.વકિલશ્રી એન.ડી.મકવાણા**
**અરજદાર :- શ્રી આસુબેન ભુરૂભાઈ કુરેશી**
**મુ. જુની બારપટોળી, તા.રાજુલા જી.અમરેલી**

**-: વિરુધ્ધ :-**

**સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી**
**-વ-**
**તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી,**
**મું. ઉમણીયાવદર તા.મહુવા જિ.ભાવનગર**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મહુવા તાલુકાના ઉમણીયાવદર ગામના રહીશ ઉકત અરજદારશ્રીએ તેમના પુત્રી મદીનાબેન ભુરૂભાઈ કુરેશી નો જન્મ તા.૧૦/૦૫/૧૯૬૭ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**આજ તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.**

**કોર્ટનો સિક્કો**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મહુવા**

---

**જાહેર નોટીસ**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- ગારીયાધાર**
**બી. એન્ડ ડી. રજી નં.૧૩૦/૨૦૨૬**

**શ્રી ધીરૂભાઈ ધનજીભાઈ તલસાણીયા**
**રહે. રહે.કુંભણ ત.પાલીતાણા જી.ભાવનગર,**
**જી. ભાવનગર.......અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને ત.ક.મ.શ્રી,**
**ગણેશગઢ તા.ગારીયાધાર, જિ.ભાવનગર........ સામાવાળા**
**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ધીરૂભાઈ ધનજીભાઈ તલસાણીયાના પુત્રી હીનાબેન ધીરૂભાઈ તલસાણીયાનો જન્મ તા.૨૨-૦૧-૧૯૮૨ના રોજ મોજે ગણેશગઢ, તા.ગારીયાધાર ખાતે થયેલ હોય પરંતુ મોજેઃ ગણેશગઢ ગ્રામ પંચાયતના રજીસ્ટરે તેમની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મનાં દાખલાની જરૂરીયાત હોવાથી સદરહું અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને ત.ક.મ.શ્રી ગણેશગઢના જન્મ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

મુદ્દત તા.૨૯/૦૭/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેવું.

સ્થળ : ગારીયાધાર
તારીખ : ૧૦/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,ગારીયાધાર**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૯૧/૨૦૨૬**

**શ્રી ખોખર હારૂનભાઇ નાથાભાઇ**
**રહે.સોમપુરાની ઘંટી પાસે, ગોરાવાડી, પાલીતાણા..........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા**
**તા.પાલીતાણા, જિ:ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ જન્મ કામના અરજદારશ્રી ખોખર હારૂનભાઈ નાથાભાઈનો પુત્ર ખોખર સમીર હારૂનભાઈનો તા.૨૧/૦૬/૧૯૯૩ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૭/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૯૦/૨૦૨૬**

**શ્રી ડાંગર કલ્યાણભાઇ દેવાભાઇ**
**રહે,૩૧ એ સ્વરૂપભારતી નગર, બસ સ્ટેન્ડ પાસે રાજકોટ રોડ,ભાવનગર..........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, માયધાર ગ્રામ પંચાયત કચેરી,**
**મુ.માયધાર, તા.પાલીતાણા, જિ:ભાવનગર...... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ડાંગર કલ્યાણભાઈ દેવાભાઈનો પુત્ર ડાંગર વિરાજ કલ્યાણભાઈનો જન્મ તા.૧૬/૦૪/૨૦૦૨ના રોજ મોજે.માયધાર,તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, માયધાર ગ્રામ પંચાયત કચેરી, મુ.માયધાર, તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૭/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૦૩/૨૦૨૬**

**શ્રી ચૌહાણ સલમાબેન સફિકભાઈ**
**રહે,મુ,વિરડી,પો,મોરબા, તા.ગારીયાધાર,જી,ભાવનગર.........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી,હણોલ ગ્રામ પંચાયત કચેરી.**
**હણોલ,તા. પાલીતાણા, જિ:ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ચૌહાણ સલમાબેન સફિકભાઈનો પુત્ર મમદઅરહાન સફિકભાઈ ચૌહાણનો જન્મ તા.૨૫/૧૧/૨૦૨૨ના રોજ મોજે. હણોલ, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પુત્ર જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્ર ના જન્મ અંગેની નોંધજન્મ-મરણર જીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી,હણોલ ગ્રામ પંચાયત કચેરી, હણોલ, તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૫/૦૫/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૨૪/૨૦૨૬**

**શ્રી રંગપરા શંભુભાઇ દામજીભાઇ**
**રહે,મુ.પો.આંકોલાળી/જાળીયા,ઠે, બ્રાહ્મણ શેરી,તા.પાલીતાણા.........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**તલાટી-કમ-મંત્રીશ્રી, આંકોલાળી ગ્રામ પંચાયત કચેરી,**
**આંકોલાળી,તા.પાલીતાણા, જિ:ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી રંગપરા શંભુભાઈ દામજીભાઈની પુત્રી ખુશી શંભુભાઈ રંગપરાનો જન્મ તા.૦૧/૧૨/૨૦૦૮ના રોજ મોજે.આંકોલાળી, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીની પુત્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે.જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમની પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, આંકોલાળી ગ્રામ પંચાયત કચેરી, આંકોલાળી,તા.પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૨૯/૦૫/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૨૦૦/૨૦૨૬**

**શ્રી અબ્દુલ કાદર જૈનુદીન લક્ષ્મીધર**
**રહે. તાલુકા પંચાયત સામે,બુરહાની સોસયટી, પાલીતાણા..........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા**
**તા.પાલીતાણા, જિ:ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે અવસાન અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી અબ્દુલ કાદર જૈનુદીન લક્ષ્મીધરના પીતા જૈનુદીનભાઈ કાદરભાઈ લક્ષ્મીધરનુ અવસાન તા.૦૧/૦૩/૨૦૨૪ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના પિતાના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના પિતાના અવસાન અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૨૮/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૯૬/૨૦૨૬**

**શ્રી ઇમરાનભાઇ મહમદભાઇ બાતાફ**
**રહે શ્રવણચોક, પાલીતાણા..........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા**
**તા.પાલીતાણા, જિ:ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ઈમરાનભાઈ મહમદભાઈ બાતાફનો જન્મ તા.૧૨/૦૧/૧૯૮૦ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૨૮/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં- પાલીતાણા**
**બી. એન્ડ ડી. રજી નં.૧૪૦/૨૦૨૬**

**શ્રી કળદોરીયા રજીયાબેન ઇમરાનભાઇ**
**રહે.પીરવાડી,વરતેજ.........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ મરણ રજીસ્ટ્રાર અને**
**ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા**
**તા.પાલીતાણા, જિ:ભાવનગર....... સામાવાળા**
**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી રજીયાબેન ઉસ્માનભાઈ ડેરૈયાનો જન્મ તા.૧૦/૦૫/૧૯૮૦ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : પાલીતાણા
તારીખ : ૧૦/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા**

---

**જાહેર નોટીસ**
**સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ-મહુવા સમક્ષ**
**અપીલવાળાના વ. શ્રી. મયુરભાઇ જે.બોરીચા**
**જન્મ-મરણ એકટ ૧૯૬૯ કેસ રજી નં.૬૪/૨૦૨૬**

**શ્રી નામદેવભાઇ રામજીભાઇ શિયાળ,**
**રહે.મુ.૧૦૫૦,શ્રી હરી સોસાયટી,શ્રધ્ધા સોસાયટી સામે, મહુવા,**
**જી.ભાવનગર.........અપીલવાળા**
**વિરુધ્ધ**
**જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**ચીફ ઓફીસર સાહેબશ્રી મહુવા નગરપાલિકા મહુવા, તા. મહુવા,**
**જિ.ભાવનગર.......સામાવાળા**
**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટ્રીસથી જાણ કરવામાં આવે છે કે અપીલકર્તાના પુત્રી સોનલબેન નામદેવભાઈ શિયાળનો જન્મ તા.૨૩/૧૦/૧૯૯૯ નાં રોજ મહુવા ગામે થયેલ હોય,જન્મ-મરણ રજીસ્ટરે તેમની જન્મની નોંધ થયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત ઉભી થતા હાલની અપીલ દાખલ કરેલ છે.

અપીલકર્તાના પુત્રી સોનલબેન નામદેવભાઈ શિયાળની જન્મની નોંધ ચીફ ઓફીસર સાહેબશ્રી મહુવા નગરપાલિકા મહુવા, તા. મહુવા, જિ.ભાવનગર, મહુવા (શ્રી જન્મ-મરણ નોંધણી અધિકારી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અપીલ કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ : મહુવા
તારીખ : ૨૦/૦૭/૨૦૨૬
**કોર્ટનો સિક્કો**
**સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ મહુવા**

# સૌરાષ્ટ્ર ચેમ્બર દ્વારા વેપાર-ઉદ્યોગોના પ્રશ્નો અંગે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત

## ભાવનગર-સુરત-દિલ્હી ફ્લાઈટ, જીઆઈડીસી, આઈટી અને ટેક્સ્ટાઈલ પાર્ક સહીત વિવિધ પ્રશ્નોની રજૂઆત કરાઈ

ભાવનગર,તા.૩૧

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનાં માધ્યમથીગુજરાતની વિવિધ જીલ્લાની રીજીયોનલ ચેમ્બરનાં વેપાર-ઉદ્યોગ ને લગતા પ્રશ્નોની રજૂઆત માટે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ગાંધીનગર ખાતે રુબરુ મુલાકાત લીધેલ અને ભાવનગર જીલ્લાનાં વેપાર-ઉદ્યોગનાં પ્રશ્નોની રજૂઆત કરેલ. જેમાં ચેમ્બર પ્રમુખ તેજસભાઈ શેઠ, ઉપ-પ્રમુખ અશોકભાઈ કોટડીયા અને માનદ મંત્રી જીગ્નેશભાઈ



સવાણી સહભાગી થયેલ.

રજુઆતમાં ભાવનગરથી સુરત થઈને દિલ્હીની ફ્લાઈટ, સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝને લગતા પ્રશ્નો, ચિત્રા જીઆઈડીસીને લગતા પ્રશ્નો તથા માઢીયા ખાતે વ્હીકલ સ્ક્રેપ યાર્ડ અને ખેતા ખાટલી ગામ ખાતે જાહેર થયેલ નોન-હઝાર્ડસ કેમિકલ્સ જીઆઈડીસીનું સત્વરે નિર્માણ થાય, આ ઉપરાંત આઈટી અને ટેક્ષટાઈલ પાર્ક માટે વસાહતનું નિર્માણ કરવામાં આવે. સીએનજી ટર્મિનલની કામગીરી સત્વરે પૂર્ણ થાય, ગુજરાત સરકાર અથવા પ્રાઈવેટ સેક્ટર દ્વારા મોટા ઔદ્યોગિક એકમોની ભાવનગર ખાતે સ્થપના થાય, સ્ટેડીયમ અને કન્વેશન કમ એક્ઝીબીશન સેન્ટરનું નિર્માણ થાય, સૂચિત અમદાવાદ-ધોલેરા મેટ્રોલાઈનને ભાવનગર સુધી લંબાવવા બાબત અને જામનગર-રાજકોટ-ભાવનગર-ભરૂચ એક્ષપ્રેસ વે ની કામગીરી સત્વરે શરૂ થાય વગેરે પ્રશ્નોની વિગતવાર રજૂઆત કરવામાં આવેલ. જેને સાંભળી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સાનૂકુળ પ્રતિસાદ આપવામાં આવેલ.

# સિહોરના મઢડા ગામે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ડખ્ખો

## વિરોધ કરવા પહોંચેલા સરપંચ અને કોંગ્રેસ પ્રમુખ સહિત ૧૨ ગ્રામજનોની પોલીસે અટકાયત કરી






તસવીર : કૌશિક વ્યાસ

શિહોર,તા.૩૧

શિહોર તાલુકાના મઢડા ગામે ગ્રામ પંચાયતના નવા બિલ્ડિંગના લોકાર્પણ તથા મઢડા-વાવડી રોડ પરના પુલના ખાતમુહૂર્તનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. પાલિતાણા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ભીખાભાઈ બારૈયાની વિશેષ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભાવનગર જિલ્લા ભાજપ મહામંત્રી ગેમાભાઈ ડાંગર, શિહોર તાલુકા ભાજપ પ્રમુખ ભોજુભાઈ ડાંગર, શિહોર તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ અભેશંગભાઈ ચૌહાણ, શિહોર તાલુકા પંચાયત ઉપપ્રમુખ પી.વી.સોલંકી તથા ભાવનગર જિલ્લા ભાજપ પૂર્વ ઉપપ્રમુખ અર્જુનભાઈ યાદવ સહિતના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. એક તરફ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો ઉત્સાહ હતો, તો બીજી તરફ આ કાર્યક્રમમાં ભારે રાજકીય હલચલ જોવા મળી હતી. મઢડા ગામના સરપંચ અને કોંગ્રેસ કાર્યકર નરેશભાઈ સાંકળિયા તેમજ શિહોર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશોકભાઈ મકવાણા સહિત અંદાજે ૧૨ જેટલા ગ્રામજનો આ કાર્યક્રમનો વિરોધ કરવા માટે સ્થળ પર આવી રહ્યા હતા. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે શિહોર પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને વિરોધ કરવા આવી રહેલા આ તમામ ૧૨ ગ્રામજનોને અટકાયતમાં લીધા હતા. ત્યારબાદ, નિર્ધારિત સરકારી કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયા બાદ પોલીસે તમામ અટકાયત કરાયેલા લોકોને મુક્ત કર્યા હતા. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં રાજકીય ચર્ચાનો વિષય બન્યો હતો.

# બ્લેકબક નેશનલ પાર્કની મુલાકાત લઈ સમીક્ષા કરતા વન મંત્રી માળી

## ઈકો-ટૂરિઝમના વિકાસ અને સુવિધાઓ વધારવા અધિકારીઓ સાથે યોજાઈ બેઠક; ગાઈડ વ્યવસ્થાને મંત્રીએ બિરદાવી

ભાવનગર,તા.૩૧

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણભાઈ માળીએ વલ્લભીપુરના વેળાવદર બ્લેકબક નેશનલ પાર્કની મુલાકાત લઈ વન્યજીવ સંરક્ષણ અને ઉપલબ્ધ સુવિધાઓની સમીક્ષા કરી હતી.

બેઠક દરમિયાન મંત્રીએ દેશ-વિદેશના પ્રવાસીઓની સંખ્યા, પ્રવાસન પ્રોત્સાહન અને ગાઈડ વ્યવસ્થા અંગે વિગતો મેળવી હતી. તેમણે બ્લેકબક અને ખડમોર જેવા દુર્લભ વન્યજીવોની માહિતી આપતા ગાઈડોની કામગીરીને બિરદાવી જરૂરી સૂચનો આપ્યા હતા. રાજ્ય સરકાર વન્યજીવ સંરક્ષણ અને ઈકો-ટૂરિઝમના વિકાસ માટે કટિબદ્ધ હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક યોગેશભાઈ દેસાઈ, મદદનીશ વન સંરક્ષક નિલેશભાઈ જોશી, RFO દિવ્યરાજસિંહ તેમજ કુલદીપસિંહ રાઠોડ સહિતના અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# માળનાથ ગ્રુપનું અભિયાન: વૃક્ષો બન્યા પક્ષીઓ-ખીસકોલીનું 'ડાઈનિંગ ટેબલ'

## જમીન પર બિલાડી-કુતરાના ભય વગર પક્ષીઓ અને ખીસકોલીઓ માટે વૃક્ષો પર જ પાણી-ચણની સુરક્ષિત વ્યવસ્થા કરાઈ

ભાવનગર,તા.૩૧

પર્યાવરણ અને મૂંગા જીવોના જતન માટે ભાવનગરના 'જય માળનાથ ગ્રુપ' દ્વારા છેલ્લા બે વર્ષથી એક અનોખું 'ખીસકોલી બચાવો અભિયાન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત શહેરના અનેક વૃક્ષો પર પાણીના કુંડા તેમજ મકાઈના ડોડા, સિંગદાણા અને ફળ ટીંગાડવામાં આવે છે, જેથી ખીસકોલીઓ, ચકલીઓ અને કબૂતર નિરાંતે આહાર મેળવી શકે.

જમીન પર ચણ કે પાણી રાખવાથી બિલાડી અને કુતરાઓ જેવા પ્રાણીઓથી જીવનું જોખમ રહે છે. તેથી વૃક્ષો પર જ આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરીને તેમને સુરક્ષિત 'ડાઈનિંગ ટેબલ' પૂરું પાડવાનો આ એક સરાહનીય પ્રયાસ છે.

સંસ્થાના હરિભાઈના જણાવ્યા મુજબ આ અંગે મોટી જાગૃતિ આવી છે. જીવદયા અને પર્યાવરણની સુરક્ષાના આ કાર્યને વધુ વેગ આપવા માટે ગ્રુપ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને જોડાવવા અને સહયોગ આપવા હૃદયપૂર્વક અપીલ કરવામાં આવી છે.

# ફુલસર સ્કૂલમાં નાસ્તા વિતરણ કરાયું

ભાવનગર,તા.૩૧

ચિત્રા ફુલસર ચૈતન્ય બાલમંદિરમાં પૂ.અશોકાચાર્યબાપુ હિમાલય નિવાસી તથા સરલાદીદીના હસ્તે નાસ્તા વિતરણ કરાયું હતું. આ પ્રસંગે વકીલ પિન્કીબેન, દુબઈના મનુભાઈ બારૈયા હાજર રહ્યા હતા. સ્ટાફના હરેશભાઈ સોલંકી, ઉમાબેન મેર, કુસુબેન ધોરિયા, જ્યોતિબેન બાવળીગા એ સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. સમગ્ર આયોજન- સંકલન રમેશભાઈ પી. ધાંગધ્રિયાએ રજુ કરેલ હતું.

## તળાજા પોલીસે રૂ. ૩૯.૭૬ લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત સોંપ્યો

ભાવનગર,તા.૩૧

તળાજા, અલંગ, દાઠા અને અલંગ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા સાયબર ફ્રોડ, ચોરી, છેતરપિંડી તેમજ ગુમ થયેલા મોબાઈલના ગુનાઓમાં રિકવર કરાયેલો કરોડોનો મુદ્દામાલ તેના મૂળ માલિકોને સુપ્રત કરાયો હતો. પોલીસે તપાસ દરમિયાન કબ્જે કરેલી રૂ. ૧૪.૨૬ લાખની રોકડ, ૬.૫ તોલા સોનાના દાગીના, ૩૫૦ ગ્રામ ચાંદી, ૧૨ મોબાઈલ ફોન તથા કેબલ બંડલ અને વાલ્વ મળીને કુલ રૂ. ૩૯,૭૬,૩૧૫/-નો મુદ્દામાલ નાગરિકોને પરત સોંપ્યો હતો. આ પ્રસંગે પોલીસ અધિકારીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં વાલ્મિકી સમાજનો રવિવારે યોજાશે વિદ્યાર્થી સન્માન સમારોહ

## નેતાગણ અને મહાનુભાવોની રહેશે ઉપસ્થિતિ

ભાવનગર,તા.૩૧

વાલ્મિકી સંગઠન ભાવનગર શહેર અને સફાઈ કામદાર કલ્યાણ સંઘના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૦૨-૦૮-૨૦૨૬ ને રવિવારના રોજ વાલ્મિકી સમાજના વિદ્યાર્થીઓ માટે તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ રવિવારે બપોરે ૨:૩૦ કલાકે શહેરના યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાશે.

આ સન્માન સમારંભમાં ધોરણ ૮, ૯, ૧૦ અને ૧૨ પાસ કરનાર તથા ગ્રેજ્યુએશન તેમજ અન્ય જુદી જુદી ડિગ્રીઓ પ્રાપ્ત કરી સફળતા મેળવનાર વાલ્મિકી સમાજના હોંશિયાર વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને પ્રોત્સાહિત કરી બહુમાન કરવામાં આવશે.

આ પ્રસંગે કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ઉષાબેન તેલરેજા, ભાજપ પ્રમુખ કુમારભાઈ શાહ તેમજ અન્ય શ્રેષ્ઠીઓ અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે. સંગઠન પ્રમુખ મનસુખભાઈ ઘુમડીયા અને શિક્ષણ સમિતિ ચેરમેન દિનેશભાઈ બેરડીયાની યાદીમાં વાલ્મિકી સમાજના પરિવારજનો અને વાલીઓને બહોળી સંખ્યામાં હાજર રહેવા અપીલ કરવામાં આવી છે.

**પશ્ચિમ રેલવે-ભાવનગર મંડળ**

**ઓવરહેડ પાવર લાઇન ક્રોસિંગનું ફેરફાર કરવાનું કામ**

**નં. DRM/TRD/BVP/2026-27/01; તા. 30.07.2026;** રાષ્ટ્રપતિશ્રીના વતી મંડળ રેલવે મેનેજર (TRD), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર નં.: 17-TRDBVP-2025-26-R1; કામનું નામ:** લાલપુર-ગોપ જામ સેક્શનમાં 4 સ્થળોએ 33 કે.વી. ઓવરહેડ પાવર લાઇન ક્રોસિંગનું અંડરગ્રાઉન્ડ માધ્યમ દ્વારા ફેરફાર કરવાનું કામ; **ટેન્ડરની રકમ:** ₹ 6,29,26,693.52/-; **ટેન્ડર ફી:** શૂન્ય (NIL); **ઈએમડી રકમ:** ₹ 12,58,500/-; **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) BVP, ડીઆરએમ કચેરી, ભાવનગર પરા-364003; બોલીદાતાઓએ માત્ર ઓનલાઇન લિંક **www.ireps.gov.in** મારફતે જ અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે વેબસાઇટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. **ઉપરોક્ત ટેન્ડર માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ 24.08.2026 ના રોજ 15:00 કલાક સુધી રહેશે.** BVP – 096

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૨૬–૨૭**

કાર્યપાલક ઈજનેરશ્રી, (મા. અને મ.) વિભાગ, પાનવાડી કમ્પાઉન્ડ, ભાવનગર ( ફોન નં. ૦૨૭૮–૨૪૨૮૩૮૬) ની કચેરી દ્વારા ૨ કામ જેની કુલ અદાંજીત રકમ રૂા. ૯૬.૫૬ લાખની છે. આ કામ નાં ટેન્ડર તા. ૧૩/૦૮/૨૦૨૬ ૧૮.૦૦ નાં કલાક સુધી ઓનલાઈન જોવા મળશે તથા આ કામનાં ટેન્ડરો website tender.nprocure.com ઉપર ઓનલાઈન ભરવાનાં રહેશે. આ કામની વધુ વિગત કચેરી સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરવાથી આપવામાં આવશે. આ કામો અંગેની વિગતવાર માહીતી નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders. gujarat.gov. in પર જોવા મળશે. **હવે પછીનાં દરેક સુધારા ફકત ઓનલાઈન કરવામાં આવશે.** (સદરહું કામનાં ભાવો જી.એસ.ટી. સહિતનાં છે ઈજારદારશ્રીએ પ્રવર્તમાન જી.એસ.ટી. નાં દરે જે હાલમાં ૧૮ % છે ધ્યાને લઈ ભાવો ભરવાનાં રહેશે. જી.એસ.ટી. નું અલાયદા ચૂકવણું કરવામાં આવશે નહી. જો ભવિષ્યમાં જી.એસ.ટી. નો દર ૧૮ % થી ઘટશે તો યોગ્ય કપાત કરવામાં આવશે.) માહિતી-ભાવ-૪૮૦-૨૬

**ગુજરાતસરકાર**

**નર્મદા ,જળસંપતી,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**જાહેર નિવિદા નં.૦૯ સને ૨૦૨૬-૨૭**

| કામનુ નામ | કામની અંદાજીત રકમ રૂ. લાખમાં | ઓન લાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ઉતાવળી (ગું) સિંચાઈ યોજના સ્ટ્રેંથેન ઓફ એર્થન ડેમ સેક્શન ચે.૨૪૦૦ મી ટુ ૨૬૪૦ મી ઓફ ઉતાવળી(ગું) સિંચાઈ યોજના | ૪૯.૩૫ | તા.૧૪/૦૮/૨૦૨૬ ના ૧૮-૦૦ કલાક સુધીમાં |

કચેરીનું નામ અને સરનામું અને ફોન નંબર: કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, બોટાદ સિંચાઇ વિભાગ, કાનીયાડ કોલોની, ભાવનગર રોડ, બોટાદ ફોન નં.૦૨૮૪૯-૨૫૧૭૦૫ વધુ વિગતો www.tender.nprocure.com વેબ સાઇટ ઉપર જોઇ શકાશે.

માહિતી-ભાવ-૪૭૭-૨૬

**ઓન લાઇન જાહેર નિવિદા નં-૧૨/૨૦૨૬-૨૭**

**માર્ગ અને મકાન વિભાગ-જિલ્લા પંચાયત-ભાવનગર**

કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ જીલ્લા પંચાયત ભાવનગર દ્વારા (ફોન. નં. ૦૨૭૮-૨૪૩૦૦૮-૨૪૨૨૫૪૮) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા નર્મદા, જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ તરફથી માન્ય યાદીમાં નોધાયેલ ઈજારદાર પાસેથી એમ.એમ.જી.એસ.વાય, સુવીધાપથ અને સીડીપી. સદરના મંજુર થયેલ કામોના કુલ ૧૫ (પંદર) ટેન્ડર માંગવામાં આવેછે. જેની અંદાજી રકમ રૂ. ૬૧૦૦.૩૦ લાખ છે.

આ કામના ટેન્ડરો https://tender.nprocure.com વેબસાઈટ ઉપરથી મળશે. અને આ વેબસાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે. આ અંગેની વિગતવાર વિજ્ઞાપન મા.મ.પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી ખાતાની વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે. અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિદ્ધ કરવામાં આવશે.

ટેન્ડરો તા.૧૯/૮/૨૦૨૬, સમય: ૧૮-૦૦ સુધીમાં ઓન લાઈન રજુ કરવાનાં રહેશે. માહિતી-ભાવ-૪૭૮-૨૬

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૨૨/૨૦૨૬**
**જન્મ તા.૧૦/૧૧/૧૯૬૩**

**શ્રી ઇબ્રાહિમભાઇ હાજીભાઇ બિલખિયા,**
**રહે.સાણોદર, તા.ઘોઘા, જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી ક્રમ મંત્રીશ્રી,**
**બુધેલ ગ્રામ પંચાયત કચેરી, મુ. બુધેલ, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઈબ્રાહિમભાઈ હાજીભાઈ બિલખિયા રહે. સાણોદર, તા.ઘોઘા, જિ.ભાવનગરએ પોતાના પિતરાઇ બહેન શ્રી શરીફાબેન સુલેમાનભાઇ આગરીયાનો જન્મ તા.૧૦/૧૧/૧૯૬૩ના રોજ બુધેલ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી જીકરભાઈ સતારભાઇ સોલંકી,** **અરજી નં ૧૨૪/૨૦૨૬**
**રહે. મુ.સાણોદર તા. ઘોઘા, જી,ભાવનગર.** **જન્મ.તા.૦૧/૦૭/૧૯૭૫**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. સાણોદર, તા.ઘોઘા, જી.ભાવનગર.**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩) અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જીકરભાઈ સતારભાઈ સોલંકી રહે. મુ.સાણોદર તા. ઘોઘા, જી,ભાવનગરનો જન્મ તા.૦૧/૦૭/૧૯૭૫નાં રોજ ગામઃ- સાણોદર, તા.ઘોઘા, જી.ભાવનગર મુકામે થયેલ છે તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તો તેઓએ આધાર-પુરાવા સાથે જાતે અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમ્યાન રજુ કરવાનો રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**કોર્ટનો સિક્કો**

**(એ.આર.ઠુમ્મર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ઘોઘા**

**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

